ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



31 DECEMBER, 2025 WEDNESDAY

પેજ 2  ડભોઈ શહેરમાં ડ્રેનેજના તૂટેલા ઢાંકણા

પેજ 3  સાણંદના કલાણા ગામે ભારેલો અગ્નિ જેવી પરિસ્થિતિ

પેજ 7  ડોક્ટરની સલાહ લીધા વિના દવા લેતા હોવ તો ચેતજો

પેજ 5 કિર્તી ખરબંદાએ તેની ઓળખ ચોરનારને ખુલ્લા પાડ્યા

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 285 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

- અર્ધ સૈન્ય દળ અંસારના બૃજેન્દ્રની હત્યાથી હિન્દુઓમાં ભય વધ્યો

# બાંગ્લાદેશમાં સુરક્ષા આપી રહેલા હિન્દુની હત્યા

## કટ્ટરવાદીઓ દ્વારા બે સપ્તાહમાં ત્રણ હિન્દુઓની હત્યા દીપુની હત્યા કરી સળગાવ્યો ત્યાં જ વધુ એક હત્યાકાંડ






• ઢાકા

બાંગ્લાદેશમાં હિન્દુઓની ખુલ્લેઆમ હત્યાઓ થવા લાગી છે. અગાઉ બે હિન્દુ યુવકોને ટોળા દ્વારા ઢોર માર મરાતા બન્નેના મોત નિપજ્યા હતા. ત્યારે હવે તાજેતરની ઘટના મયમનસિંહ જિલ્લામાં સામે આવી છે. બાંગ્લાદેશના ગ્રામીણ અર્ધ સૈન્ય દળના સભ્ય બૃજેન્દ્ર બિસ્વાસની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ જ જિલ્લામાં અગાઉ દીપૂ દાસની ઢોર માર મારી હત્યા કરીને મૃતદેહને જાહેરમાં લટકાવીને આગ લગાવાઈ હતી.

બાંગ્લાદેશના મીડિયાના જણાવ્યા મુજબ ૪૦ વર્ષના બૃજેન્દ્રને સુલ્તાના સ્વેટર્સ લિ. ફેક્ટરીમાં સાંજે છ વાગ્યા બાદ ગોળી મારવામાં આવી હતી. આ ફેક્ટરીની સુરક્ષા માટે ૨૦ જવાન તૈનાત હતા જેમાં બૃજેન્દ્રનો પણ સમાવેશ થાય છે.

આ હત્યાકાંડને નોમાન મિયાં નામના એક સહકર્મી દ્વારા અંજામ આપવામાં આવ્યો છે જેની બાદમાં બાંગ્લાદેશ પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. આ ઘટનાને નિહાળનારા એપીસી મોહમ્મદ અઝહર અલીએ કહ્યું હતું કે જ્યારે ઘટના બની ત્યારે હું પણ ત્યાં હાજર હતો. નોમાન મિયાંએ અચાનક બૃજેન્દ્ર સામે પોતાની બંદુક તાકી હતી અને કહ્યું હતું કે ગોળી મારી દઈશ અને બાદમાં તેણે ટ્રિગર દબાવી દીધુ અને બૃજેન્દ્રની હત્યા કરી નાખી.

બૃજેન્દ્ર બાંગ્લાદેશમાં એક સુરક્ષાકર્મી તરીકે સેવા આપી રહ્યા હતા. આ અર્ધ સૈન્ય દળને અંસાર તરીકે ઓળખવામાં આવે છે જે મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં અને ફેક્ટરીઓમાં સુરક્ષા પુરી પાડે છે. તાજેતરમાં બાંગ્લાદેશમાં હિન્દુઓની ખુલ્લેઆમ હત્યા હવે સામાન્ય બાબત બનતી જાય છે.

તાજેતરના આ હત્યાકાંડને અંજામ આપનારા મુસ્લિમ કટ્ટરવાદીને કોઈ જ અફસોસ પણ નથી, તેણે કહ્યું હતું કે હું તો મજાક કરી રહ્યો હતો એવામાં ગોળીબાર થઈ ગયો. બે સપ્તાહમાં આ ત્રીજા હિન્દુની હત્યાની ઘટનાએ બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓમાં ભય વધાર્યો છે. બાંગ્લાદેશના નિસહાય હિન્દુઓ હાલ મદદ માગી રહ્યા છે.

અબુધાબી સમર્થિત - અલગતાવાદી સંગઠન સાઉદી નિશાન પર

## સાઉદી અરેબીયાનો યમનના બંદરીય શહેર પર બોમ્બ મારો : અબુધાબી ભડકયું



રીયાધ: યમનમાં આઈએસઆઈએસ બળવાખોર - આતંકીઓ પર અમેરિકાના હુમલા બાદ હવે સાઉદી અરેબીયાએ પણ યમનના બંદરીય શહેર મુકાલા પર બોમ્બ વર્ષા કરી હતી. સાઉદી અરેબીયાએ જાહેર કર્યુ કે એક લીમીટેડ- મીલીટ્રી ઓપરેશનમાં સાઉદીમાં એક અલગતાવાદી જૂથ માટે હથિયાર લઈને આવતા એક શીપમેન્ટને ટાર્ગેટ કરવામાં આવ્યું છે અને તેનો નાશ કરાયો છે.

આ બોમ્બમારાથી સાઉદી અરેબીયા અને યુએઈ સમર્થીત સાઉધન ટ્રાન્ઝીશનલ કાઉન્સીલ વચ્ચે તનાવ વધ્યો છે. રીયાધ અને અબુધાબી વચ્ચે અગાઉ જ સંબંધમાં તનાવ છે. અબુધાબીએ ઈરાન સમર્થીત હોથી સંગઠન સામે લડી રહેલા અલગ અલગ લડાયક જૂથોને ટેકો તથા શો આપે છે.

સાઉદી સરકારે જાહેર કર્યુ છે કે યુએઈના એક ભાગ ફુજાઈરાથી બે જહાજ મુકાલા પહોંચ્યા હોવાનું નિશ્ચિત કરાયા બાદ આ હુમલો કરાયો છે. જહાજમાંથી શો ઉતારાઈ રહ્યા હતા અને તે સાઉદી અરેબીયામાં ઘુસાડવાની તૈયારી હતી જે અમારી સલામતી સામે ખતરો હોવાથી આ મર્યાદીત મીલીટ્રી ઓપરેશન કરાયુ છે. યુએઈએ હજું કોઈ પ્રતિભાવ આપ્યો નથી. મુકાલાએ યમનનું બંદર છે જ હાલમાંજ અબુધાબી સમર્થીત જૂથે કબ્જો કર્યો છે અને એડનથી 480 કી.મી. દુર આવેલા આ ક્ષેત્રને હોથી વિરોધી દળોનું મથક તરીકે જોવાઈ રહ્યું છે અગાઉ આ જૂથ સાઉદી દળો સાથે પણ બાખડી પડયું હતું.

## દિલ્હી એરપોર્ટ પર મુસાફર સાથે મારપીટ :પાઈલટ ઝડપાયો

• નવી દિલ્હી

દિલ્હી પોલીસે 19 ડિસેમ્બરે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટર્મિનલ 1 પર એક મુસાફર પર હુમલો કરવા બદલ એર ઈન્ડિયા એક્સપ્રેસના પાયલોટ વીરેન્દ્ર સેજવાલની ધરપકડ કરી છે, જેના પગલે પીડિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પીડિત અંકિત દિવાનના જણાવ્યા અનુસાર, તે તેની સાત વર્ષની પુત્રી અને ચાર મહિનાના બાળક સાથે મુસાફરી કરી રહ્યો હતો. સુરક્ષા ચોકીની બહાર કેટલાક લોકો સાથે કતારને લઈને તેની દલીલ થઈ હતી. આરોપ છે કે દલીલ બાદ પાયલોટ વીરેન્દ્ર સેજવાલે તેના પર હુમલો કર્યો હતો.

તબીબી તપાસમાં નાકના હાડકામાં ફ્રેક્ચર થયું હોવાની પુષ્ટિ થઈ. તેમણે એમ પણ કહ્યું કે આ સમગ્ર ઘટના તેમની પુત્રીની સામે બની હતી, જેના કારણે તેમને માનસિક તકલીફ થઈ હતી.

ફરિયાદ મળ્યા બાદ, દિલ્હી પોલીસે FIR નોંધી અને તપાસ શરૂ કરી. પોલીસે ઘટનાસ્થળે હાજર સાક્ષીઓના CCTV ફૂટેજ અને નિવેદનો એકત્રિત કર્યા. પ્રાથમિક તપાસ બાદ, આરોપી પાઈલટને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો અને પૂરતા પુરાવા મળ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે આ કેસમાં વધુ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે, અને તપાસ પૂર્ણ થયા પછી ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. આ ઘટનાએ એરપોર્ટ પર મુસાફરોની સલામતી અને વરિષ્ઠ ઉડ્ડયન કર્મચારીઓના વર્તન અંગે અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.

80 વર્ષની વયે છેલ્લા શ્વાસ લીધા

## બાંગ્લાદેશના પ્રથમ મહિલા વડાપ્રધાન ખાલિદા ઝિયાનું નિધન

• ઢાકા



બાંગ્લાદેશની પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાનું આજે ૮૦ વર્ષની વયે નિધન થયું છે. તેઓ લીવર, ડાયાબીટીસ, હૃદયરોગની બીમારીથી પીડાતા હતા અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા. ખાલિદા ઝિયા બાંગ્લાદેશની પ્રથમ મહિલા વડાપ્રધાન હતા.

બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન ખાલિદા ઝિયાનું આજે ૮૦ વર્ષની વયે નિધન થયું છે. તેઓ ઘણા સમયથી બીમાર હતા અને હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. હાલમાં જ તેમના પુત્ર વર્ષો બાદ બાંગ્લાદેશ પરત ફર્યા હતા. બાંગ્લાદેશ નેશનલ પાર્ટીએ X પર પોસ્ટ કરી જણાવ્યું કે, આજે ફજરની નમાઝ બાદ સવારે 6 વાગ્યે ખાલિદા ઝિયાએ અંતિમ શ્વાસ લીધા.

નોંધનીય છે કે, ખાલિદા ઝિયાને લીવર, ડાયાબિટીસ તથા હૃદય રોગની બીમારી હતી અને છેલ્લા દિવસથી તેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. તેમના નિધન બાદ હવે BNPની કમાન તેમના પુત્ર તારિક રહેમાનના હાથમાં રહેશે.

તેઓ અત્યાર સુધી કાર્યકારી પ્રમુખ તરીકે કામ કરી રહ્યા હતા. તેઓ જેલની સજાના ડરથી શેખ હસીના શાસનકાળ દરમિયાન બાંગ્લાદેશ છોડી જતાં હતા. જોકે હાલમાં જ તેઓ 17 વર્ષ બાદ બાંગ્લાદેશ પરત આવ્યા છે.

બાંગ્લાદેશના રાજકારણમાં ત્રણ દાયકાથી બે બેગમ વચ્ચે લોહિયાળ યુદ્ધ ચાલી રહ્યું હતું. યુદ્ધના મુખ્ય પાત્રો હતા બે શક્તિશાળી મહિલા નેતાઃ શેખ હસીના વાજેદ (અવામી લીગ) અને બેગમ ખાલિદા ઝિયા (બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી-BNP).

એક સમયે બંને સામૂહિક રીતે સરમુખત્યારશાહી સામે લડી હતી, પણ સત્તાની લાલચમાં બંને એકબીજાની દુશ્મન બની બેઠી હતી. જોકે હવે શેખ હસીના ભારતમાં છે જ્યારે આજે ખાલિદા ઝિયાનું નિધન થયું છે.

એવામાં હવે બાંગ્લાદેશમાં નવા જ પ્રકારનું રાજકારણ જોવા મળશે. ઈર્શાદના પતન પછી બંને બેગમો વચ્ચે

## ડોલર સામે દેશનું ચલણ ગગડતા ઈરાનમાં લાખો લોકો માર્ગ પર : દેખાવો

### તહેરાન સહિતના શહેરોમાં બંધ : સરકાર ચિંતીત

• તહેરાન




ઈરાનમાં સ્થાનિક ચલણ રીઆલ-અમેરિકી ડોલર સામે તળીયે પહોંચતા લોકોનો ગુસ્સો ભડકી ઉઠયો છે અને પાટનગર તહેરાન તથા મધ્ય ઈરાનના શહેર શિરાઝ અનેક શહેરોમાં લાખો લોકો માર્ગો પર ઉતરી આવ્યા છે. બજારો પણ બંધ થઈ હતી અને દેખાવકારોને વિખેરવા પોલીસે અશ્રુવાયુનો ઉપયોગ કર્યો હતો. લોકોનો વિરોધ વધતા ઈરાનની મધ્યસ્થ બેંકના વડા રેઝા ફરચીનએ રાજીનામુ આપી દીધુ છે. ગઈકાલથી શરુ થયેલા તોફાનો છેલ્લા 22 વર્ષના સૌથી મોટા દેખાવ છે જે સમયે દેશની મોરાલીટી પોલીસે 22 વર્ષની માહશા જીના અમીનીની ધરપકડ કરી હતી જેણે હીજાબ પહેરવાનો ઈન્કાર કર્યો હતો. ગઈકાલે ચલણના ગગડવાના વિરોધમાં બજારો બંધ રહી હતી. રાષ્ટ્રપતિ મસૂદે લોકોને સાંભળવા આંતરિક બાબતોના મંત્રીને જણાવ્યું હતું તથા સરકાર ચલણને સ્થિર રાખવા શકય તેટલું બધું કરી રહી છે તેવો દાવો કર્યો હતો.

સબસીડીમાં ફેરફાર આવશે

## અમેરિકી ખરીદી ઈફેકટ : LPG ના ભાવ મે માસથી વધી શકે છે

• નવી દિલ્હી



ભારત અને અમેરિકા વચ્ચેના ટેરિફ વિવાદમાં રશિયન ક્રુડતેલનો મુદો લાંબા સમયથી ચર્ચામાં છે અને બંને દેશો વચ્ચે હજુ ટેરિફ સમજુતી થઈ નથી. ખાસ કરીને અમેરિકાએ જે રીતે રશિયન ક્રુડતેલ ખરીદવા મુદે ભારત પર વધારાના 25 ટકા એટલે કે કુલ 50 ટકા ટેરીફ લગાવ્યા છે તેમાં હવે છુટછાટ મેળવવા ભારતે અમેરિકા પાસેથી એલપીજી ખરીદવા માટે લાંબા સમયના કરાર કરતા તેની અસર ઘરઆંગણે એલપીજીના ભાવ પર પડી શકે છે.

હાલ કેન્દ્ર સરકાર ઘરેલુ વપરાશના એલપીજીમાં સબસીડી આપે છે પરંતુ અગાઉ જે રીતે સાઉદી અરેબીયા કે અન્ય દેશો પાસેથી એલપીજી ખરીદી થતી હતી તેના કરતા અમેરિકી ખરીદી મોંઘી પડે તેવી શકયતા છે.

ગત મહિને જ સરકારી કંપની ઈન્ડીયન ઓઈલ બીપીસીએલ અને એચપીસીએલ એ અમેરિકા પાસેથી 2.2 મિલિયન ટન એલપીજી ખરીદવા જે કરાર કર્યા હતા તેથી જે ભાવનો મુદો છે તેને એડજેસ્ટ કરવા સરકાર એલપીજી પરની સબસીડી ઘટાડી શકે છે અને તે નિર્ણય આગામી વર્ષના મધ્યમાં લેવાશે.

## માતાની આવક વધુ હોય તો પિતા બાળકોના ભરણ-પોષણની જવાબદારીથી છટકી ન શકે

### ભરણ-પોષણના કેસમાં દિલ્હી હાઈકોર્ટની મહત્વની ટિપ્પણી

• નવી દિલ્હી




દિલ્હી હાઈકોર્ટે એક કેસમાં સ્પષ્ટ કયુર્ં હતું કે માતાની વધુ આવક હોવા છતા પણ પિતા બાળકોના ભરણ-પોષણની જવાબદારીથી છટકી ન શકે. અદાલતે કહ્યું હતું કે બાળકોનું પાલન-પોષણ બન્ને માતા-પિતાની કાયદેસર અને નૈતિક જવાબદારી છે. એક પિતાની અરજી ફગાવીને હાઈકોર્ટે કહ્યું હતું કે મા પહેલાથી જ કમાવવાની અને પ્રાથમિક દેખરેખની બેવડી ભૂમિકા નિભાવી રહી છે, આ સ્થિતિમાં પિતા પોતાની જવાબદારીથી છટકી ન શકે.

ન્યાયમૂર્તિ સ્વર્ણ કાંતા શર્માની બેન્ચે કહ્યું હતું કે માની આવક વધુ છે અને તેના કબજામાં બાળકો છે એ પહેલાથી જ કમાવવાની સાથે સાથે બાળકોની પ્રાથમિક દેખરેખની બેવડી જવાબદારી નિભાવી રહી છે, આ સ્થિતિમાં પિતા પોતાની આવક છુપાવી કે ટેકનિકલ દલીલો કરી પોતાની જવાબદારીથી બચી ન શકે.

આ ફેસલો એ કેસમાં આવ્યો હતો જેમાં એક વ્યકિતએ નીચલી અદાલતના આદેશને પડકાર આપ્યો હતો. નીચલી અદાલતે ડિસેમ્બર 23માં પતિને ત્રણેય બાળકો માટે 30 હજાર રૂપિયા માસિક વચગાળાનું ભરણપોષણ આપવાના આદેશ આપ્યો હતો, જેને સેશન્સ કોર્ટે યથાવત રાખ્યો હતો. પતિએ હાઈકોર્ટમાયં આ આદેશને પડકારી બચાવ કર્યો હતો કે તેની માસિક આવક માત્ર ૯ હજાર રૂપિયા છે જયારે પત્નીની 34500 રૂપિયા છે એટલે પોતાની પર ભાર નાખવો કાયદાની વિરૂધ્ધ છે. સામે પક્ષે પત્નીએ તર્ક આપ્યો કે તેના પર બાળકોના ભણતર દેખરેખ, રોજબરોજનો ખર્ચની પૂરી જવાબદારી તેના પર છે. એટલે બાળકોના ભરણ પોષણની પિતાની જવાબદારી ખતમ ન થઈ શકે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલની ડભોઈ સિવિલ કોર્ટ અને લો કોલેજની મુલાકાતે

## વકીલો અને વિદ્યાર્થીઓ સાથે ખાસ સંવાદ કર્યો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન અને જાણીતા એડવોકેટ શ્રી જે. જે. પટેલ સાહેબે ડભોઈની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ડભોઈ સિવિલ કોર્ટ તેમજ સ્થાનિક લો કોલેજની મુલાકાત લઈ વકીલો અને વિદ્યાર્થીઓ સાથે ખાસ સંવાદ કર્યો હતો.

વ કીલોના હિત માટેની લડત અને માર્ગદર્શન ઉલ્લેખનીય છે કે જે. જે. પટેલ સાહેબ છેલ્લા લાંબા સ મયથી સમગ્ર ગુજરાતના વકીલોના પડતર પ્રશ્નો અને તેમના હિતો માટે લડત લડી રહ્યા છે. ડભોઈ બા ર એસોસિએશન સાથેની બેઠકમાં તેમણે વકીલોને પડતી વ્યાવહારિક મુશ્કેલીઓ સાંભળી હતી અને તેનું કાયદાકીય નિરાકરણ કેવી રીતે લાવી શકાય તે અં ગે વિસ્તૃત પારદર્શક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વકીલોના નાના-મોટા તમામ પ્રશ્નોને ગંભીરતાથી સ મ જીને તેને ઉકેલવા માટે બાર કાઉન્સિલ તરફથી પૂ રતો સહયોગ આપવાની ખાતરી આપી હતી ડભોઈ



બા રએસોસિએશન દ્વારા ભવ્ય સ્વાગતઆ પ્રસંગે ડ ભોઈ બાર એસોસિએશનના હોદ્દેદારો અને વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નીચે મુજબના અગ્રણીઓએ હાજરી આપી હતી:આરીફભાઈ એચ. મકરાણી (પ્રમુખ, ડભોઈ બાર એસોસિએશન) રાજેશભાઈ વસાવા (ઉપપ્રમુખ)મોસીનભાઈ મન્સૂરી (મંત્રી)અનુજભાઈ જે. પટેલ (મહામંત્રી) આ ઉપરાંત શહેરના અન્ય વરિષ્ઠ અને યુવા ધારાશાસ્ત્રીઓ પ ણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દ રમિયાન વકીલોમાં એક ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને ચેરમેનશ્રીના માર્ગદર્શનને સૌએ આવકાર્યું હતું.

# ડભોઈ તાલુકાના થરવાસા પાસે પાણીની લાઈનમાં ભંગાણ

• ફકીરા ખત્રી ડભોઈ

: એક તરફ પ્રજા પાણી માટે વલખાં મારે છે, બીજી તરફ ખેતરોમાં પૂર જેવી સ્થિતિ ડભોઈ તાલુકાના થરવાસા ગા મ પાસેથી પસાર થતી પાણી પુરવઠા વિભાગની મુખ્ય પા ઈપલાઈનના વાલ્વમાં મોટા પાયે લીકેજ થવાને કારણે હ જારો લિટર શુદ્ધ પીવાનું પાણી ગટરો અને ખેતરોમાં વહી રહ્યું છે. વહીવટી તંત્રની આળસને કારણે કિંમતી જળનો બગાડ થતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે થરવાસા ગામ પાસે, ડભોઈ તાલુકો.

સમસ્યા: પાણી પુરવઠા વિભાગની લાઈનના વાલ્વમાં ગંભીર લીકેજ.અસર: પાણીના વેડફાટને કારણે નજીકના ખેતરોમાં બિનજરૂરી પાણી ભરાયા છે, જેનાથી પાકને નુકસાન થવાની ભીતિ છેલોકોની હાલાકી અને તંત્ર સામે સવાલ એક બાજુ ઉનાળા જેવી સ્થિતિમાં અનેક ગામોમાં પીવાના પાણીની અછત વર્તાઈ રહી છે અને લોકો ટીપે-ટીપે પાણી માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ સરકારી તંત્રની બેદરકારીને કારણે રોજનું હજારો લિટર પાણી વેસ્ટ નાળાઓમાં વહી રહ્યું છે.

હાસ્યાસ્પદ

### ત્રિપલ એન્જિન હોવા છતાં ડભોઇ અને સમસ્યા એકબીજાના પૂરક બન્યા

# મહુડી ભાગોળ રેલ્વે ફાટકથી લઈને નવીનગરી સુધીના મુખ્ય માર્ગ પર ડ્રેનેજના ઢાંકણાઓ તૂટી ગયા

## રાજ્યનું સૌથી ઈમાનદારીથી કાર્ય કરતું તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં આ ગંભીર સમસ્યાનું નિરાકરણ લાવે તે જરૂરી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેર મહુડી ભાગોળથી નવીનગરી સુધી ડ્રેનેજના તૂટેલા ઢાંકણા ઘોર નિદ્રામાં ડભોઈ નગરપાલિકા વિસ્તારમાં વિકાસની વાતો વચ્ચે વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. શહેરના મહુડી ભાગોળ રેલ્વે ફાટકથી લઈને નવીનગરી સુધીના મુખ્ય માર્ગ પર ડ્રેનેજના ઢાંકણાઓ તૂટી ગયા છે અને જમીનમાં બેસી ગયા છે. લાંબા સમયથી ચાલી રહેલી આ સમસ્યા અંગે રજૂઆતો કરવા છતાં નગરપાલિકાના સત્તાધીશો દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપતા ખાડા માર્ગ પર ડ્રેનેજના ઢાંકણા તૂટી જવાને કારણે ઊંડા ખાડા પડી ગયા છે. અહીંથી પસાર થતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકોને ગાડી ચલાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. રાત્રિના સમયે અંધારામાં આ ખાડાઓ દેખાતા ન હોવાથી અકસ્માત થવાનો ભય સતત તોળાઈ રહ્યો છે. રાહદારીઓ પણ જીવના જોખમે આ રસ્તા પરથી પસાર થવા મજબૂર બન્યા છે.વડોદરા જેવી દુર્ઘટનાની ભીતિ તાજેતરમાં જ વડોદરામાં ગટરના ખાડામાં પડી જવાથી એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હોવાની ઘટના હજુ તાજી છે, ત્યારે ડભોઈના નાગરિકો સવાલ કરી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે જો અહીં કોઈ જાનહાનિ થશે તો તેનો જવાબદાર કોણ નગરપાલિકાનાકાગળપરનાવિકાસસામેહવેલોકોસવાલોઉઠાવીરહ્યાછેનગરજનોની મુખ્ય માંગણીઓ તૂટેલા અને બેસી ગયેલા ડ્રેનેજના ઢાંકણાઓનું તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે.જરૂર જણાય ત્યાં તાત્કાલિક નવા મજબૂત ઢાંકણા નાખવામાં આવે. ચોમાસા કે રાત્રિના સમયે અકસ્માત ન થાય તે માટે યોગ્ય આયોજન કરવામાં આવે. સ્થાનિક રહીશોની માંગ છે કે નગરપાલિકાના સત્તાધીશો કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં આ ગંભીર સમસ્યાનું નિરાકરણ લાવે. જો વહેલી તકે કામગીરી નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



### અગાઉના વર્ષોમાં યુરેશીયન કુટ 20,000 જેટલા આ વર્ષે 7000 ઉપરાંત જ આવ્યા

# ડભોઈ તાલુકાના વઢવાણા તળાવમાં યાયાવર પક્ષીઓની ગણતરી તા.૨જી જાન્યુઆરીના રોજ કરાશે

ગણતરી

## વર્ષ ૨૦૨૫ જાન્યુઆરીમાં થયેલી ગણતરી મુજબ ૫૫૦૦૦ પક્ષીઓ આવ્યા હતા



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના વઢવાણા તળાવમાં યાયાવર પક્ષીઓની ગણતરી તા.૨જી જાન્યુઆરીના રોજ કરાશે ૨૦૧૯માં ૯૮૦૦૦ સૌથી વધુ પક્ષીઓ ગણતરીમાં નોંધાયા, તે બાદ ક્રમશઃ પક્ષીઓમાં ઘટાડો થતો જોવા મળ્યો વર્ષ ૨૦૨૫ જાન્યુઆરીમાં થયેલી ગણતરી મુજબ ૫૫૦૦૦ પક્ષીઓ આવ્યા હતા વર્ષ ૨૦૨૬માં થનાર ગણતરીમાં ૬૫૦૦૦ ઉપરાંત પક્ષીઓ નોંધાવાનું અનુમાન ડભોઈ તાલુકાના વઢવાણામાં આવેલા તળાવમાં દર વર્ષે આવતા યાયાવર પક્ષીઓની ગણતરી તા. ૨જી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાખવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં સૌથી વધુ ૯૮૦૦૦ પક્ષીઓ નોંધાયા હતા. ત્યારબાદ ક્રમશ : પક્ષીઓની સંખ્યામાં ઘટાડો નોંધાતો રહ્યો છે. ડભોઈ તાલુકાના વઢવાણાના સિંચાઈ તળાવ ખાતે દર વર્ષે હજારો પક્ષીઓ શિયાળો વિતાવવા માટે આવે છે. આ પક્ષીઓ મુખ્યત્વે સાઈબેરિયા, મંગોલીયા કઝાકિસ્તાન અને મધ્યએશિયામાંથી આવે છે. વઢવાણા તળાવ ખાતે દર વર્ષે શિયાળાના પ્રથમ અથવા બીજા સપ્તાહમાં કરવામાં આવે છે. પક્ષીઓની ગતણતરી ગુજરાત વન વિભાગ, બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી એમએસયુનિવર્સિટીના ઝુઓલોજી વિભાગના વિદ્યાર્થીઓ પ્રાધ્યાપકો સ્થાનિક બર્ડ વોચર્સ અને પક્ષી પ્રેમીઓનો સમાવેશ કરવાં આવે છે. આ માટે બોટ ટેલિસ્કોપ બાયનોકયુલરનો ઉપયોગ કરવામાં આવે છે. સવારે છ કલાકથી પક્ષીઓની ગણતરી શરૂ કરવામાં આવે છે. આ માટે તળાવને ગણતરીકારોની સંખ્યા પ્રમાણે વિવિધ ઝોનમાં વેચી દેવામાં આવે છે. સવારે, બપોરે અને સાંજે ગણતરી કરવામા આવે છે. સૂર્યાસ્ત પહેલા ગણતરીનું કાર્ય પુરુ કરી દેવામાં આવે છે. ત્યારબાદ સત્તાવાર રીતે રાજયના વન વિભાગ દ્વારા ગણતરીના આંકડા જાહેર કરવામાં આવે છે.પક્ષીઓની સંખ્યા ઓછી થવા પાછળ પાણીનું જળ સ્તર જવાબદાર ડભોઈ તાલુકાના વઢવાણા સિંચાઈ તળાવ હોવાથી અવારનવાર તેમાં પાણી છોડવામાં આવે છે.તેના લીધે આસપાસના વિસ્તારમાં (વેટલેન્ડ એરીયા)માં પણ જળસ્તરનુ પ્રમાણ એક સરખુ રહેતુ નથી. આથી પક્ષીઓને ખોરાક મેળવવામાં તકલીફ પડે છે. જળ વનસ્પિતમાં ઘટાડો હોવાના લીધે પણ આ સંખ્યા ઓછી થઈ શકે છે. આ ઉપરાંત હજારો કિમી દુર થી આવતા પક્ષીઓ અન્ય સ્થળે ઉતરી ગયા હોય તેના લીધે પણ સંખ્યા ઓછી નોંધાય છે. અગાઉના વર્ષોમાં યુરેશીયન કુટ 20,000 જેટલા આવતા હતા. જયારે વર્ષ 20 25માં 7000 ઉપરાંત જ આવ્યા હતા. જેના લીધે પણ પક્ષીઓ ઓછા નોંધાય છે.

# ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાએ અધીકારીઓનો ઉઘડો લેતા ચકચાર

## ભરૂચ જીલ્લામાં નેત્રંગમાં રસ્તાના નવીનીકરણ માટે સાંસદે રૂ.૫૦ લાખ ગ્રાન્ટની ફાળવણી કરી હતી

• રાજપીપલા

ફરી એકવાર ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાએ અધીકારીઓનો ઉઘડો લેવાની ઘટના સામે આવી છે.ભરૂચ જીલ્લામાં નેત્રંગમાં રસ્તાના નવીનીકરણ માટે સાંસદે રૂ.૫૦ લાખ ગ્રાન્ટની ફાળવણી કરી હતી. ગ્રા.પંચાયત સરપંચ-જી. પંચાયત સભ્ય,કોન્ટ્રાક્ટર અને અધિકારીઓએ રસ્તાના નવીનીકરણની કામગીરીમાં ભ્રષ્ટાચાર-કૌભાંડ આચર્યું હોવાનું સાંસદે જણાવ્યું છે.સામાન્ય વરસાદમાં જ રસ્તાનું ધોવાણ થતાં સ્થાનિક રહીશો સાંસદને રજુઆત કરી હતી. રસ્તા ઉપર પેવર-બ્લોક બેસાડવાની શરૂઆત કરી હતી. તે પણ તકલાદી- હલકીકક્ષાના હોવાથી સાંસદ રોષે ભરાયાં હતાં અનેસ્થળ નિરીક્ષણ કરી ફોન પરજ સરપંચનો જાહેરમાં ઉધડો લીધો હતો.



# જેતપુરના વેકરીયા નગરમાં સ્કૂલ બસની ટક્કરે સર્જાયો અકસ્માત: એક સાથે 5 વીજપોલ ધરાશાયી

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ જિલ્લાના જેતપુરમાં વહેલી સવારે એક મોટી દુર્ઘટના ટળી છે. અમરનગર રોડ પર આવેલા વેકરીયા નગર વિસ્તારમાં એક ખાનગી સ્કૂલ બસની બેદરકારીને કારણે વીજપોલ ધરાશાયી થવાની ઘટના બની હતી. જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ સ્થાનિકોના વાહનો અને મકાનોને ભારે નુકસાન પહોંચ્યું છે. ઘટનાની વિગત મુજબ જેતપુરના વેકરીયા નગરમાં આજે સવારે અંદાજે 6:30 વાગ્યે એક ખાનગી સ્કૂલ બસ પસાર થઈ રહી હતી. ડ્રાઈવરે બસ રિવર્સ લેતી વખતે રસ્તા પરના વીજપોલ સાથે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે એક વીજપોલ નમી પડ્યો હતો ત્યારે PGVCLની ટીમ સમારકામ કરી રહી હતા તે દરમિયાન અચાનક 5 જેટલા વીજપોલ ધરાશાયી થવાની ઘટના બની હતી જેમાં વાહને મોટું નુકશાન પહોંચ્યું હતું. સ્થાનિક રહેવાસી હરસુખભાઈના જણાવ્યા અનુસાર, સવારે 10 વાગ્યાના સુમારે જ્યારે



PGVCLની ટીમ સમારકામ માટેની તૈયારી કરી રહી હતી, ત્યારે અચાનક એક પછી એક એમ કુલ 5 વીજપોલ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયા હતા. સદનસીબે તે સમયે વીજ પુરવઠો બંધ હોવાથી મોટો કરંટ લાગવાની દુર્ઘટના ટળી હતી. આ વીજપોલ ધરાશાયી થવાને કારણે નીચે પાર્ક કરેલી કાર અને અન્ય વાહનો પર પોલ પડ્યા હતા, જેનાથી વાહનોને વ્યાપક નુકસાન થયું છે. સ્થાનિક રહેવાસી મહેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું કે, તેઓ પોલ નીચેથી પસાર થઈ રહ્યા હતા અને માંડ એક સેકન્ડના તફાવતે તેમનો જીવ બચ્યો છે, પરંતુ તેમના ટુ-વ્હીલરને ભારે નુકસાન થયું છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓની ભારે ભીડને પગલે સુરક્ષા વ્યવસ્થામાં વધારો કરાયો

• રાજપીપલા, તા30

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓની ભારે ભીડને પગલે સુરક્ષા વ્યવસ્થામાં વધારો કરવામાં આવ્યો છે. નર્મદા જિલ્લામાં આવેલ વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હાલ દરરોજ સરેરાશ 50 થી 60 હજાર પ્રવાસીઓ ઉમટી રહ્યાં છે. પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખી નર્મદા જિલ્લા પોલીસ દ્વારા વિશેષ એક્શનપ્લાન બનાવ્યો છે. નર્મદા પોલીસે એક્શન લઈ એકતાનગરથી સેલંબા સુધીના માર્ગ તથા આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો હોવાનું જિલ્લા પોલીસ વડા વિશાખા ડબરાલે જણાવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત આજુબાજુના પ્રવાસન વિસ્તારોમાં જિલ્લા પોલીસ, CISF તથા SRPના જવાનો દ્વારા સંયુક્ત રીતે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મહત્વના પ્રવેશ માર્ગો, પાર્કિંગ વિસ્તાર, પ્રવાસી સ્થળો તથા ભીડવાળા વિસ્તારોમાં વધારાની પોલીસ તૈનાત કરી સતત પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. પ્રવાસીઓની સુરક્ષા અને સુવ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચેકિંગ, ટ્રાફિક વ્યવસ્થાપન, સીસીટીવી મોનિટરિંગ તેમજ તાત્કાલિક પ્રતિસાદ ટીમો સક્રિય રાખવામાં આવી છે. કોઈપણ અપ્રિય ઘટના ટાળવા માટે પોલીસ વિભાગ સતર્ક રહી કામગીરી કરી રહ્યો છે.

### 31 ડિસેમ્બર ની ઉજવણી ટાણે દારૂની રેલમછેલ રોકવા નર્મદા પોલીસ પણ સજ્જ બની.

# ગુજરાત - મહારાષ્ટ્રની બોર્ડર સાગબારાની ધનસેરા ચેકપોસ્ટ સહિત રસ્તાઓ પર પોલીસ દ્વારા ચેકીંગ

• રાજપીપલા

નવા વર્ષને આવકારવા માટે લોકો થનગની રહયાં છે ત્યારે ગુજરાતમાં દારૂની રેલમછેલ રોકવા પોલીસ પણ સજજ બની છે. ખાસ કરીને મધ્યપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણા અને મહારાષ્ટ્રમાંથી દારૂ ગુજરાતમાં ઘૂસાડવા માટે નર્મદા જિલ્લાની ધનશેરા ચેકપોસ્ટનો રસ્તો બુટલેગરો પસંદ કરતાં હોય છે. હાલ નવા વર્ષને ધ્યાને રાખી આ ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે. નર્મદા જિલ્લો મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલો છે.ત્યારે હાલ 31 ડિસેમ્બરની ઉજવણી માટે મહારાષ્ટ્રથી દારૂ કે અન્ય કેફી પદાર્થ જિલ્લામાંના ઘૂસે તે માટે એસપી વિશાખા ડબરાલની સૂચનાથી સાગબારાની ધનસેરા ચેકપોસ્ટ સહિત રસ્તાઓ પર પોલીસ દ્વારા સઘન ચેકીંગ કરાઈ રહ્યું છે. ખાસ કરીને મહારાષ્ટમાંથી આવતા તમામ વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.




સ્થાનિક પીએસઆઈ જસવંત લટા અને તેમનો સ્ટાફ વાહનચેકિંગ કરી રહયો છે. મહારાષ્ટ્રમાંથી અને નર્મદા ડેમ વિસ્તારના પાછળના ભાગે થઈ બિનઅધિકૃત રીતે આંતરરાજયમા હેરાફેરી કરી ગુજરાત રાજયમા ન ઘુસી શકે એ માટે કેવડીયા એકતનગર ડેમ સુરક્ષા સહિત સાગબારાના ઘનશેરા ચેક પોસ્ટ ઉપર પોલીસે નાકાબંધી અને વાહન ચેકીંગ હાથ ધર્યું છે. ખાસ કેટલાક યુવાનો મહારાષ્ટ્ર માથી દારૂનો નશો કરીને આવે છે તેમાના પર પણ તવાઈ બોલાવી ને બ્રેથ એનેલાઈઝરથી પણ ચેકિંગ કરવામાં આવી રહ્યુ છે. દરેક ગાડીનું ચેકીંગ કરવામાં આવે છે. સાથે નશેબાજોને ઝડપવા બ્રેથ એનેલાઈઝરનો ઉપયોગ કરી જો શંકાસ્પદ જણાશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.. આ સાથે જિલ્લામાં યોજાતી પાર્ટીઓ અને ડાન્સ ડિનર પાર્ટીઓ પર પોલીસ નજર રાખશે.કોઈ પણ નશીલા પદાર્થનું સેવન કરશે તો એની ખેર નથી

# અમદાવાદના સાણંદના કલાણામાં ભારેલો અગ્નિ: ગામ છાવણીમાં ફેરવાયું

### બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ પથ્થરમારો

• અમદાવાદ

અમદાવાદના સાણંદ તાલુકાનું કલાણા ગામ હાલ છાવણીમાં ફેરવાયું છે. જૂની અદાવતના મામલે બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો બિચક્યો હતો અને ભારે પથ્થરમારો થતાં ગામમાં અફરાતફરી મચી ગઈ હતી. સોમવાર રાત્રિથી શરૂ થયેલો આ વિવાદ મંગળવારે સવારે વધુ વકરતા પરિસ્થિતિ ભારેલા અગ્નિ જેવી બની છે. આ ઘટનાની ગંભીરતાને જોતા પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા છે અને સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. નીલમ ગોસ્વામી (સાણંદ ડિવિઝન DySP)એ જણાવ્યું હતું કે, આ જૂથ અથડામણની ઘટના સોમવારે તળાવના પાળે બની હતી. આ ઝઘડાની શરૂઆત એક જૂથના બે છોકરાઓ અને અન્ય જૂથના એક છોકરા વચ્ચે એકબીજાની સામે જોવાની બાબતે થયેલી બોલાચાલીથી થઈ હતી. ત્યારબાદ ગામમાં બંને પક્ષોના ટોળા સામસામે આવી ગયા હતા અને તેમની વચ્ચે ઝઘડો થયો હતો, જેના પગલે પોલીસે બંને પક્ષોની FIR દાખલ કરી છે. વધુ વિગત આપતા તેમણે કહ્યું કે, આ અથડામણમાં કોઈને ગંભીર ઈજા કે ફ્રેક્ચર થયું નથી, માત્ર સામાન્ય મૂઢમાર અને લોહીની ફૂટ જેવી નાની ઈજાઓ થઈ છે. હાલમાં ગામમાં જીઆઈડીસી પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સવારે પોલીસે કોમ્બિંગ કરીને આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદમાં કુલ 40 જેટલા આરોપીઓ હોવાનું જણાવાયું છે અને અન્ય અજાણ્યા વ્યક્તિઓની ઓળખ કરવાની પ્રક્રિયા હાલ ચાલુ છે.



## ભરૂચની ઐતિહાસિક ધરોહરના રક્ષણ માટે સંત સમિતિ મેદાને: ૦૫ જાન્યુઆરીએ શક્તિનાથ ખાતે 'પ્રતિક ઉપવાસ'

ભરૂચ : ભરૂચ સ્થિત રાષ્ટ્રીય સ્મારક એવી જામા મસ્જિદ, જે મૂળ સમણી વિહાર જૈન મંદિર અને શ્રી ચક્રધર સ્વામીનું જન્મસ્થાન હોવાનું માનવામાં આવે છે, તેના રક્ષણ માટે આગામી સોમવારે એક વિશાળ કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. અખિલ ભારતીય સંત સમિતિ, ભરૂચ જિલ્લા દ્વારા આ ઐતિહાસિક ધરોહરની રક્ષા કાજે 'રાષ્ટ્રીય ધરોહર કી રક્ષા કે લિયે ઉપવાસ' ના નામે એક દિવસીય ધરણા અને ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્થાન હાલમાં ભારત સરકાર (ASI) ના હસ્તક છે, પરંતુ ત્યાં નિયમો વિરુદ્ધની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોવાના અને તેની અસલી ઓળખ સાથે ચેડાં કરવામાં આવતા હોવાના આક્ષેપો સાથે આ લડત શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમ તા. ૦૫/૦૧/૨૦૨૬, સોમવારના રોજ ભરૂચના શક્તિનાથ મંદિર મેદાન ખાતે યોજાશે. સંત સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ સ્થળને તેના મૂળ સ્વરૂપમાં પાછું લાવવા અને પુરાતત્વ વિભાગના નિયમો મુજબ તેનું સંચાલન થાય તે હેતુથી તમામ સનાતન હિન્દુઓના સહયોગ અને સમર્થન માટે આ આયોજન કરાયું છે.

**વિરોધ** | દુકાનદારે અચાનક દુકાન બંધ કરી દીધી હતી

# બોડેલી ગરબી ચોક ખાતે ખાતરની દુકાને અફરાતફરી, ખેડૂતોમાં ભારે રોષ

### તંત્ર દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી

• તોસીફ ખત્રી બોડેલી

બોડેલી શહેરના ગરબી ચોક વિસ્તારમાં આવેલી ખાતરની દુકાન ખાતે આજે વહેલી સવારથી જ ખાતર મેળવવા આવેલા ખેડૂતોની મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી. ખેતીના મોસમ દરમિયાન ખાતરની વધતી માંગ અને મર્યાદિત પુરવઠાના કારણે દુકાન બહાર લાંબી લાંબી લાઈનો લાગી હતી, જેના કારણે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દરમિયાન દુકાનદારે અચાનક ટ્રાફિકની સમસ્યાનું કારણ બતાવી દુકાન પર ઉભેલા ખેડૂતોને નજીક આવેલા માર્કેટ યાર્ડ ખાતે જવા જણાવ્યું હતું. દુકાનમાંથી અચાનક સ્થળ બદલવાની સૂચનાથી ખેડૂતોમાં ગેરસમજ ફેલાઈ ગઈ હતી અને માર્કેટ યાર્ડ તરફ જતા રસ્તા પર દોડાદોડી જેવી સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા જ દુકાનદારે અચાનક દુકાન બંધ કરી દીધી હતી. દુકાન બંધ થતાં જ ખાતર લેવા આવેલા ખેડૂતોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળ્યો હતો. અનેક ખેડૂતો દ્વારા દુકાનદારે યોગ્ય આયોજન ન રાખ્યું હોવાનો અને બિનજરૂરી રીતે ખેડૂતોને




હેરાન કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોનું કહેવું છે કે જો અગાઉથી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હોત અને ખેડૂતોને સ્પષ્ટ માહિતી આપવામાં આવી હોત તો આવી અફરાતફરી ટાળી શકાત. આ ઘટનાને લઈને ખેડૂતોમાં ભારે નારાજગી ફેલાઈ છે અને તંત્ર દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### સાબરમતી રિવરફ્રન્ટની સામેના ભાગે ખાસ ટીકીટ બારી બનાવાઈ

# અમદાવાદ : રિવરફ્રન્ટ પર ફ્લાવર શૉ: 12 વર્ષથી નાના બાળકોને ફ્રીમાં મળશે એન્ટ્રી?

**સુવિધા** | પેમેન્ટ સફળ થયા બાદ મોબાઈલ પર ટિકિટ મળી જશે



• અમદાવાદ

અમદાવાદના આંગણે સાબરમતી રિવરફ્રન્ટ પર આગામી પહેલી જાન્યુઆરીની સવારથી ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. નવા વર્ષની ભેટ સમાન આ ફ્લાવર શોની મજા માણવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ટિકિટના દરો અને બુકિંગની વ્યવસ્થા જાહેર કરવામાં આવી છે. મુલાકાતીઓની સુવિધા માટે ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને પ્રકારે ટિકિટ મેળવવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા સૂચવાયેલા દરોમાં ઘટાડો કરીને નવા દર નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ, સામાન્ય દિવસો (સોમવારથી શુક્રવાર)માં 12 વર્ષથી ઉપરના નાગરિકો માટે ટિકિટનો દર રૂ. 80 રહેશે (અગાઉ રૂ. 120નક્કી કરાયો હતો). વીકએન્ડ અને જાહેર રજાઓ (શનિવાર-રવિવાર): ટિકિટનો દર રૂ. 100 રહેશે (અગાઉ રૂ. 150 નક્કી કરાયો હતો). આ સિવાય જો મુલાકાતીઓ અટલ બ્રિજ અને ફ્લાવર શો બંનેની મજા માણવા માટે કોમ્બો ટિકિટ પણ મેળવી શકશે. સવારે 8:00 થી 9:00 અને રાત્રે 10:00 થી 11:00 દરમિયાન VIP સ્લોટ રાખવામાં આવ્યો છે, જેના માટે રૂ. 500 ફી નક્કી કરવામાં આવી છે. ઓનલાઈન અને ઓફલાઈન ટિકિટ બુકિંગની પ્રક્રિયા AMC દ્વારા જાહેર કરાયેલા QR કોડને સ્કેન કરીને નાગરિકો સરળતાથી ઘરેબેઠા ઓનલાઈન ટિકિટ બુક કરાવી શકશે. મહત્ત્વનું છે કે, 12 વર્ષથી નીચેના બાળકો અને AMC સંચાલિત શાળાના બાળકોને ફ્રી એન્ટ્રી મળશે. ખાનગી શાળાના બાળકોને સવારે 9થી બપોરે 1 વાગ્યા સુધીમાં 10 રૂપિયાની ટિકિટ પર એન્ટ્રી મળશે. આ સિવાય દિવ્યાંગો અને સૈનિકો માટે પણ ફ્રી એન્ટ્રી રહેશે. QR કોડ સ્કેન કર્યા બાદ ખુલતા પેજ પર પોતાનું નામ અને મોબાઈલ નંબર જેવી વિગતો ભરીને, ફ્લાવર શો અથવા કોમ્બો ટિકિટ સિલેક્ટ કરી ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ સફળ થયા બાદ મોબાઈલ પર ટિકિટ મળી જશે, જે બતાવીને પ્રવેશ મેળવી શકાશે. નોંધનીય છે કે, ઓનલાઈન ટિકિટ નોન-રિફંડેબલ રહેશે અને એકવાર બુક થયા બાદ કેન્સલ કરી શકાશે નહીં. જો પેમેન્ટ કપાયા બાદ ટિકિટ ન મળે, તો પોર્ટલ પર 'ડાઉનલોડ ટિકિટ' મેનુમાં જઈ મોબાઈલ નંબર નાખીને ટિકિટ ડાઉનલોડ કરી શકાશે. જેમને ફિઝિકલ ટિકિટ જોઈતી હોય તેમના માટે સાબરમતી રિવરફ્રન્ટની સામેના ભાગે આવેલા ખુલ્લા પ્લોટમાં ખાસ ટિકિટ બારીઓ બનાવવામાં આવી છે.

# દર્દીના હાથમાંથી અડધી બોટલ લોહી વહી ગયું અને સ્ટાફ ઊંઘમાં

### અમદાવાદ : અબજોના ખર્ચે બનેલી SVP હોસ્પિટલમાં આવી બેદરકારી?

• અમદાવાદ

અમદાવાદની જાણીતી SVP હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. હોસ્પિટલના ICU વોર્ડમાં સારવાર લઈ રહેલા એક વૃદ્ધ દર્દીના લોહી વહી જવાના મામલે સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવી છે. જે બાદ પરિવારજનોએ હોસ્પિટલના જવાબદાર સ્ટાફ સામે કડક પગલાં લેવાની માંગ કરી છે. આ મામલે દર્દીના સગા દ્વારા એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે લેખિતમાં અરજી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, 72 વર્ષીય સલીમ શેખને સારવાર માટે SVP હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમના હાથમાં લગાવેલી વિગોમાંથી અચાનક લોહી નીકળવાનું શરૂ થયું હતું. નવાઈની વાત એ છેકે, ICU જેવા અતિ સંવેદનશીલ વોર્ડમાં સ્ટાફ હાજર હોવા છતાં કોઈનું ધ્યાન આ તરફ ગયું નહોતું. જ્યારે સલીમભાઈના પરિવારજનો અચાનક તેમને મળવા પહોંચ્યા, ત્યારે પથારીમાં લોહી નીકળતું જોઈને તેઓ





ચોંકી ઉઠ્યા હતા. પરિવારે આક્ષેપ કર્યો હતો કે, ICUમાં પરિવારજનોને રોકાવાની મનાઈ હોય છે, ત્યાં દર્દી સંપૂર્ણપણે સ્ટાફના ભરોસે હોય છે. તેમ છતાં આટલી ગંભીર ઘટના બની હતી. જ્યારે પરિવારે આ બાબતે સ્ટાફને જાણ કરી, ત્યારે કોઈએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે ઉદ્ધત વર્તન કર્યું છે. પરિવારનું કહેવું છે કે જો તેઓ સમયસર ન પહોંચ્યા હોત, તો દર્દીનું ઘણું લોહી વહી ગયું હોત અને પરિસ્થિતિ ગંભીર બની શકી હોત. દર્દીના પરિવારે જણાવ્યું કે, 72 વર્ષીય દાદાને માત્ર ઓક્સિજન ઓછું હોવાથી SVP હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોની ભારે બેદરકારીને કારણે તેમનું અડધી બોટલથી વધુ લોહી નીકળી ગયું હતું. જ્યારે આ ઘટના બની ત્યારે ડોક્ટરો પડદા પાછળ બેઠા હતા અને તેમના પિતા ICUમાં એકલા હતા, જેના કારણે તેમણે વીડિયો ઉતારીને 112 નંબર પર પોલીસને જાણ કરી અને હોસ્પિટલમાં સિક્કા સાથેની અરજી પણ આપી છે.

# નારણપુરામાં અકસ્માતની વણઝાર, રોંગ સાઈડમાં કારચાલકે અનેકને અડફેટે લીધા

• અમદાવાદ

અમદાવાદના નારણપુરામાં પૂરપાટ ઝડપે રોંગ સાઈડમાં આવી રહેલા કાર ચાલકે એકટીવા ચાલક અને અન્ય વાહનોને ટક્કર મારી હતી. આ દરમિયાન એક્ટિવા ચાલક નીચે પટકાયો હતો. આ અકસ્માતના ફૂટેજ પણ સામે આવ્યા છે.ટ્રાફિક પોલીસ આ અંગે તપાસ શરુ કરી છે. નારણપુરાના ભાવિન ચાર રસ્તા ખાતે ગઈકાલે સાંજના સમયે પૂર ઝડપે એક કાર રોંગ સાઈડમાં આવી રહી હતી. કાર ચાલકે ચાર રસ્તા પાસે પહોંચતા સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે ચાર રસ્તા પર એક્ટિવા, રીક્ષા અને અન્ય કારને ટક્કર મારી હતી. આ ટક્કર વાગતા એક્ટિવા ચાલક નીચે પછડાયો હતો, જ્યારે રિક્ષાને ટક્કર વાગતા રીક્ષાની દિશા પણ બદલાઈ ગઈ હતી. સમગ્ર અકસ્માતના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. જેમાં પૂર ઝડપે આવી રહેલ કાર



ચાલક દેખાઈ રહ્યો છે. સદનસીબે અકસ્માતમાં મોટી જાનહાનિ થઈ નથી. અકસ્માત અંગે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરુ કરી છે.

## બોડેલી અલીપુરા ચાર રસ્તા સર્કલ પાસે ધારદાર એંગલથી વાહનોના ટાયર ફૂટવાના બનાવો

• બોડેલી

બોડેલીના હાર્દસમા અલીપુરા ચાર રસ્તા સર્કલ પાસેના મુખ્ય માર્ગ ઉપર અગાઉ સર્કલને પહોળું કરવા માટે લગાવવામાં આવેલા રેલવેના પાટા જેવા દેખાતા ધારદાર એંગલો હાલમાં પણ બહાર નીકળેલા હોવાથી ઓવરલોડ તથા ભારદાર વાહનોના ટાયરો ફૂટવાના બનાવો સામે આવી રહ્યા છે. માત્ર બે દિવસમાં બે મોટી ગાડીઓના ટાયરો ફૂટવાના બનાવો બન્યા છે. ગઈકાલે એક ટાયર ફાટ્યો હતો જ્યારે આજે બપોરે પોણા પાંચ વાગ્યાના સમયે હાલોલ તરફથી ડભોઈ તરફ જઈ રહેલી રેતી ભરેલી હાઈવા ટ્રકના ટાયરમાં આ ધારદાર એંગલ ઘૂસી જતા તેનો ટાયર ફાટી ગયો હતો. ટ્રકના ડ્રાઈવર દિનેશભાઈ (રહે. ઢીકવા)એ જણાવ્યું કે મોટી ગાડીનો એક ટાયર આશરે રૂ. 23,500ની કિંમતનો આવે છે. એક ટાયર ફૂટે એટલે સીધું એટલું મોટું નુકસાન ગાડી માલિકને સહન કરવું પડે છે. જાણવા મળ્યા મુજબ અલીપુરા ચાર રસ્તા સર્કલને ટ્રાફિકના ભારણને કારણે અવારનવાર નાનું-મોટું કરવામાં આવતું રહે છે. થોડા સમય પહેલાં સર્કલને મોટું કરવામાં આવ્યું ત્યારે તેને પહોળું કરવા માટે રેલવેના પાટા જેવા એંગલો લગાવવામાં આવ્યા હતા. બાદમાં સર્કલ ફરી સાંકડું કરાતા આ એંગલો કાપી કાઢવામાં આવ્યા હતા. જોકે તેમાંની બે એંગલો હજુ પણ દોઢથી બે ઈંચ જેટલી ઊંચી રહી જતાં તે ભારદાર વાહનોના ટાયરમાં વાગી રહી છે. આ ધારદાર એંગલને કારણે ટાયર ફાટતા ધડાકાનો અવાજ થાય છે, જેના કારણે અકસ્માતની પણ ભીતિ રહે છે.

### અમદાવાદ : લક્ઝરી કારમાં ગાંજાની ડિલિવરી

# 31stની રેવ પાર્ટીઓ પર SMCનું એક્શન, લાખ રૂપિયાના માલ સાથે 3 ઝડપાયા

• અમદાવાદ

અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં 31મી ડિસેમ્બરના રોજ યોજાનારી ફાર્મહાઉસ રેવ પાર્ટીઓને ટાર્ગેટ કરીને થાઈલેન્ડથી મગાવાયેલો 15.12 લાખ રૂપિયાની કિંમતનો હાઈબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપાયો છે. SMC શેલા-બોપલ રોડ પર આવેલા એપલવૂડ વિલા નજીકથી આ ડ્રગ્સની ડિલિવરી લેતી-આપતી વખતે 3 આરોપીઓની ધરપકડ કરી છે. મુખ્ય સપ્લાયર પોતાની લક્ઝરી કારનો ઉપયોગ કરતો હતો અને પોલીસની નજરથી બચવા માટે ગાંજાની ડિલિવરી માટે પોતાના ડ્રાઈવરને 'પેડલર' તરીકે મોકલતો હતો. આ ડ્રાઈવરને એક ફેરાના 10 હજાર રૂપિયા ચૂકવવામાં આવતા હતા.



મળતી માહિતી મુજબ, એપલવુડ વિલામાં રહેતા અર્ચિત અગ્રવાલ પર વોચ ગોઠવવામાં આવી હતી, જે થાઈલેન્ડથી આ પ્રતિબંધિત માલ મંગાવીને સપ્લાય કરતો હતો. સોમવારે બપોરે અર્ચિત તેના પાર્ટનર ચિન્મય ઉર્ફે લાલ સોની સાથે લક્ઝરી કારમાં નીકળ્યો હતો અને ડ્રાઈવર રાહુલ ભદોરિયાને બોપલ-શેલા રોડ પરના એપલવૂડ વિલા નજીક ગાંજાના પાર્સલ સાથે ઉતારી દીધો હતો, જ્યારે પોતે ફરાર થઈ ગયો હતો. પોલીસને શંકા ન જાય તે માટે તે પોતે કારમાં નીકળતો અને ડ્રાઈવર પાસે ડિલિવરી કરાવતો હતો. આ દરમિયાન, SMC ટીમે તુરંત કાર્યવાહી કરીને રાહુલ ભદોરિયા તેમજ ગાંજો લેવા આવેલા રવિ માર્કન અને દર્શન પરીખ ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી કુલ 432 ગ્રામ હાઈબ્રિડ ગાંજો કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા રવિ અને દર્શન આ જથ્થો શહેર અને જિલ્લાના ફાર્મહાઉસોમાં યોજાનારી ડાન્સ પાર્ટીઓમાં સપ્લાય કરવાના હતા.

પોલીસે ત્રણેય આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને તેમની પાસેથી ગ્રાહકોની વિગતો અને આ સપ્લાય ચેઈનમાં સંકળાયેલા અન્ય લોકોની માહિતી મેળવવાની કાર્યવાહી શરૂ કરી છે, જ્યારે મુખ્ય સપ્લાયર અર્ચિત અગ્રવાલ અને તેના ભાગીદારને પકડવા ની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગાંધીનગર : 'પાણીના ભાવે જમીન આપીને પણ હક્ક માટે પરવાનગી લેવી પડે'

## ખેડૂતોનું 11 દિવસીય પ્રતીક ઉપવાસનું એલાન

• ગાંધીનગર



ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા આજથી 11 દિવસીય પ્રતિક ઉપવાસનું એલાન કરવામાં આવ્યું હતું. જોકે, પોલીસ તંત્ર દ્વારા આ આંદોલનની મંજૂરી આપવામાં આવી ન હતી તેમછતાં પણ પાટનગર માટે જમીન આપનાર ખેડૂતોએ સેક્ટર-6 સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયા હતા અને પોતાની લાંબા સમયની પડતર માંગણીઓને લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પાટનગર માટે જમીન આપનાર ખેડૂતોએ સેક્ટર-6 સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયા હતા. અસરગ્રસ્તોનો આક્ષેપ વિરોધ કરી રહેલા ગ્રામજનોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ સાથે અનેક બેઠકો યોજાઈ છે. ખુદ મુખ્યમંત્રીએ જે-તે સમયે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હોવા છતાં તંત્ર દ્વારા ફાઈલો પર કોઈ નક્કર અમલવારી કરવામાં આવી નથી. વર્ષ 2016ના મહેસૂલ વિભાગના પરિપત્રો પણ માત્ર કાગળ પર રહી ગયા હોવાનો ગ્રામજનોએ દાવો કર્યો છે. ધોળાકૂવા, પાલજ, ઈન્દ્રોડા, શાહપુર, બાસન અને બોરીજ સહિતના ગામોના રહીશોની માંગણીઓ મુજબ વર્ષોથી જે મકાનોમાં રહીએ છીએ, તેના ભોગવટા હક્ક તાત્કાલિક નિયમિત કરવામાં આવે. મૂળ નિવાસીઓને પ્લોટ અથવા રહેણાંકના આવાસોની ફાળવણી કરવી.સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્તોને મળતા તમામ લાભો આ 7 ગામોને પણ આપવામાં આવે. ફાળવાયેલી 'ચીપ ટાઈપ'ની દુકાનોને ભાડા પદ્ધતિમાંથી મુક્ત કરી માલિકી હક્ક આપવો. આંદોલનની રણનીતિ મુજબ 9 જાન્યુઆરી, 2029 સુધી દરરોજ દરેક ગામમાંથી 5-5 પ્રતિનિધિઓ પ્રતીક ઉપવાસ પર બેસવાના હતા પરંતુ, તંત્રએ પરવાનગી ન આપતા ખેડૂતો રોષે ભરાયા છે.

## હાંસોટમાં દબાણ હટાવો ઝુંબેશઃ 68 ગેરકાયદે બાંધકામો પર ફરી વળ્યું બુલડોઝર

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકા મથકે ટ્રાફિકની ગંભીર સમસ્યાના ઉકેલ માટે નેશનલ હાઈવે ઓથોરિટી અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મુખ્ય માર્ગ પર નડતરરૂપ એવા કુલ 68 ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. ખાસ કરીને અંકલેશ્વરના પુન ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની કનેક્ટિવિટી મળ્યા બાદ સુરત તરફ જતા વાહનોનું ભારણ વધતા, અકસ્માત નિવારવા અને માર્ગને વધુ સુગમ બનાવવા તંત્ર દ્વારા આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

જોકે, ડિમોલિશન દરમિયાન સ્થાનિક વેપારીઓ અને દુકાનદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તંત્ર પર પક્ષપાત અને ભેદભાવના આક્ષેપ કરતા સ્થાનિકોએ જણાવ્યું હતું કે, અમુક ચોક્કસ દબાણોને યથાવત રાખીને અન્યો સામે કાર્યવાહી કરવામાં આવી છે. વેપારીઓના વિરોધ અને હોબાળા છતાં તંત્રએ પોતાની કામગીરી ચાલુ રાખી માર્ગ ખુલ્લો કર્યો હતો. એક્સપ્રેસ-વેના કારણે અતિવ્યસ્ત બનેલા આ ટાઉન વિસ્તારમાં દબાણો દૂર થવાથી હવે વાહન વ્યવહાર વધુ સરળ બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

જન આક્રોશ યાત્રા દિવસ 10 (બોડેલી થી કાલોલ)

ભાજપના નેતાઓએ મનરેગા યોજનામાં કૌભાંડ કરીને પોતાના ખિસ્સા ભર્યા છે

# જાંબુઘોડા તાલુકામાં ભાજપના નેતા મયંક દેસાઈ સામે મનરેગામાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની ફરિયાદની તપાસ કોણ દબાવે છે? : અમિત ચાવડા

## ભાજપના નેતાઓ મયંક દેસાઈ, બચુભાઈ ખાબડને ત્યાં ED, ઈન્કમટેક્સ અને GST ની રેડ ક્યારે પડશે



• અમદાવાદ

જન આક્રોશ યાત્રાના દસમા દિવસની શરૂઆત બોડેલીથી કરવામાં આવી, ત્યારબાદ યાત્રા ખાંડીવાવ, જાંબુઘોડા, શિવરાજપુર, પાવાગઢ, ઘોઘંબા, અરાડ, તરખાંડા, હાલોલ, અલીન્દ્રા ચોકડી માર્ગે કાલોલ તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકામાં 42 હજારની વસ્તી છે, 26 ગ્રામ પંચાયતો અને 1 જિલ્લા પંચાયતની સીટ છે. અહીંયા 4 વર્ષમાં મનરેગા યોજનામાં 300 કરોડનો ખર્ચ થયો છે, જેમાંથી 216 કરોડ માત્ર મટીરીયલ ખર્ચ થયો છે. આખા દેશમાં ખર્ચનો રેશિયો 40 ટકા મટીરીયલ અને 60 ટકા લેબરનો છે, પરંતુ અહીં મટીરીયલ માટે 78 ટકા અને લેબર માટે માત્ર 22 ટકા ખર્ચ થયો છે. કારણ કે અહીં ભાજપના નેતા મયંક દેસાઈની 4 એજન્સીઓ મારફતે 200 કરોડ કરતા વધુનું મટીરીયલ સપ્લાય કરવામાં આવ્યું છે. આ 4 એજન્સીઓ અનુક્રમે ગિરિરાજ ટ્રેડર્સ, ગિરિરાજ એન્ટરપ્રાઈઝ, ગિરિરાજ સપ્લાયર્સ અને જય માતાજી સપ્લાયર્સના નામે રજિસ્ટ્રેશન થયેલી છે, જેના માલિકો અનુક્રમે મયંક દેસાઈ, જીગ્નેશ દેસાઈ, કેતુબેન દેસાઈ અને છત્રસિંહ છે. આ ચારેય એજન્સીઓ જે મયંક દેસાઈના પરિજનો અને એમના મળતિયાઓની છે જેને મળીને 100 કરોડ કરતા વધુનો ભ્રષ્ટાચાર કર્યો છે. સ્થળ પર કામ થયું નથી જેના પુરાવા પણ છે. આ બાબતે રજૂઆતો કરવામાં આવી પુરાવાઓ પણ આપવામાં આવ્યા છતાં પ્રશાસન દ્વારા કોઈ તપાસ થતી નથી, જેના કારણે જનતામાં ભારે આક્રોશ છે. જનતા ભ્રષ્ટાચારીઓને જેલમાં મૂકવાની માંગ કરી રહી છે.

ગુજરાત ફ્લોરો કંપનીમાંથી પ્રદૂષિત ઝેરી ધુમાડો નીકળે છે, જેના કારણે અનેક લોકોના મોત થયા છે અને જિલ્લાનું પ્રદૂષણ વધ્યું છે. એ કંપની સામે પણ કાર્યવાહી થાય એવી માંગ ઉઠી છે, પરંતુ હપ્તાખોર સરકાર કોઈ પગલા લઈ રહી નથી. ઉપરાંત સ્થાનિક યુવાઓને રોજગાર નથી મળતો અને કામદારોનું શોષણ થાય છે. જિલ્લામાં આદિવાસી સમાજના લોકોને જાતિના દાખલાઓ નથી મળતા અને સરકાર દ્વારા ધક્કા ખવડાવવામાં આવે છે. ચારેતરફ લૂંટ ચાલી રહી છે અને ભાજપના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવનારા સામે કેસ કરવામાં આવે છે, હત્યાઓ કરાવવામાં આવે છે અને યેનકેન પ્રકારે દબાવવામાં આવે છે, પરંતુ આગામી સમયમાં આ બધાનો હિસાબ થશે અને આવા લોકોને છોડવામાં નહીં આવે. વધુમાં જિલ્લામાં મનરેગા હોય કે નલ સે જલ યોજના, તમામ યોજનાઓમાં ભાજપના નેતાઓ બેફામ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે કારણ કે એમના સામે કોઈ કાર્યવાહી થતી નથી પરંતુ એમને જણાવવાનું કે બાજુના જિલ્લાના દેવગઢ બારિયામાં મંત્રી પુત્રોને પણ આવી જ હવા હતી. એમને પણ મનરેગા કૌભાંડમાં જેલમાં જવું પડ્યું અને એમના પિતાનું મંત્રીપદ પણ ગયું. આગામી સમયમાં મંત્રી પણ જેલમાં જશે, એમને કોઈ બચાવી નહીં શકે. CLP નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે કોંગ્રેસની સરકારોએ હંમેશા ગરીબોનું ભલું કર્યું છે. કોંગ્રેસની સરકારે દર મહિને 5 કિલો મફત અનાજનો કાયદો લાવ્યો, જંગલમાં રહેતા આદિવાસીઓને જમીન આપવાનો કાયદો લાવ્યો અને મફત શિક્ષણનો કાયદો લાવ્યો. ઉપરાંત ગરીબ વર્ગના લોકોને 100 દિવસ રોજગારીની ગેરંટી મનરેગા યોજનાથી સુનિશ્ચિત કરી, પરંતુ ભાજપના લોકોએ આ યોજનાઓમાં માત્ર ભ્રષ્ટાચાર કર્યો અને પોતાના ખિસ્સાઓ ભર્યા. જ્યારે કોંગ્રેસની સરકાર આવશે ત્યારે એક એક ભ્રષ્ટાચારીને જેલભેગા કરીશું. આ પ્રસંગે CLP નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી, પૂર્વ વિપક્ષ નેતા શ્રી સુખરામભાઈ રાઠવા, પંચમહાલ જિલ્લા પ્રમુખ શ્રી ચેતનસિંહ પરમાર, છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ શ્રી શશિકાંત રાઠવા, પૂર્વ મંત્રી શ્રી ભીખાભાઈ રબારી, શ્રી ઉદેસિંહ બારીયા, શ્રી અજીતસિંહ ભટ્ટી, શ્રી રફીકભાઈ તીજોરીવાલા, શ્રી કિર્તીરાજસિંહ રાણા, શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, શ્રી સોમાભાઈ રાઠવા, શ્રી સલીમભાઈ મીર, શ્રી ભુપેન્દ્રસિંહ ખેર, શ્રી ભુપેન્દ્ર પરમાર, શ્રી ઈમ્તિયાઝ સુજેલા, શ્રી નસીબદારભાઈ, શ્રી કાજલબેન પરમાર, શ્રી નરસિંહભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્યો, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયા..

રજૂઆત કરાઈ પરંતુ હોસ્પિટલ વહીવટ તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી!

# ગાંધીનગરની યુ એન મહેતા ઈન્સ્ટિ.ના આઈસીસીયુની નીચે એલપીજી સિલિન્ડર : દુર્ઘટના નોંતરશે

સાવચેતી જરૂરી

## અહીં કોઇ નિયમોનું પાલન થતું હોય તેમ સ્પષ્ટ દેખાતું નથી



• ગાંધીનગર

ગાંધીનગર સિવિલમાં આવેલી યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટની ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલી કેન્ટીનમાં એલપીજીના સિલિન્ડરનો ઉપયોગ થાય છે અને આવા એક ડઝનથી પણ વધુ સિલિન્ડર બહારની બાજુમાં પડયા રહે છે એટલુ જ નહીં, તેની ઉપરની બાજુમાં હાર્ટ પેસન્ટનું આઈસીસીયુ આવેલું છે. અગાઉ પણ ઘણી બધી વખત અમદાવાદ,સુરત, ભાવનગર સહિતના ઘણા શહેરોના આઈસીસીયુમાં ઓક્સિજન તથા શોર્ટસર્કિટને કારણે આગના જીવલેણ બનાવો બન્યા હતા ત્યારે ડિઝાસ્ટર તંત્ર અને ફાયર વિભાગ પણ અહીં કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગેછે. રાજધાનીની સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર સહિત ત્રણ માળ યુએન મહેતા ઈન્સ્ટિટયૂટને ફાળવવામાં આવ્યા છે. અહીં હૃદય અને ન્યુરોની ગંભીર બીમારીઓ ધરાવતા ક્રિટિકલ દર્દીઓને આઈસીયુમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. જો કે, ગ્રાઉન્ડ ફ્લોર પર બનેલી કેન્ટીનમાં વપરાતા એલપીજી ગેસ સિલિન્ડરોને બહારની બાજુ ખુલ્લામાં રાખવામાં આવ્યા છે, જ્યાં સતત તડકો પડે છે.આ સિલિન્ડરોની ઉપર જ હાર્ટ પેશન્ટ્સન આઈસીયુ આવેલું છે, જેના કારણે બ્લાસ્ટ અથવા આગ લાગવાથી મોટી દુર્ઘટનાનું જોખમ વધી ગયું છે. આમ છતાં, અહીં કોઈ ડિઝાસ્ટર પ્લાન કે સુરક્ષા પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે દર્દીઓ અને સ્ટાફના જીવનને ગંભીર ખતરો છે. જિલ્લા વહીવટી તંત્ર અને ફાયર બ્રિગેડ દ્વારા આવી વ્યવસ્થા માટે એનઓસી કેવી રીતે આપવામાં આવી તે પ્રક્રિયા પણ સવાલોમાં ઘેરાઈ ગઈ છે.

અમદાવાદ, સુરત અને ભાવનગર જેવા શહેરોમાં આવી હાર્ટ હોસ્પિટલોના આઈસીસીયુમાં આગ લાગવાના અનેક બનાવો બન્યા છે, ત્યારે પાટનગરમાં પણ આવી ઢીલી નીતિ અધિકારીઓની લાપરવાહીને ઉજાગર કરે છે.આવી પરિસ્થિતિમાં તાત્કાલિક સુરક્ષા પગલાંની જરૂર છે, પરંતુ હોસ્પિટલ વહીવટ તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. કોરોનાકાળામાં હોસ્પિટલો અને ખાસ કરીને આઈસીસીયુમાં આગના બનાવો બનતા હતા જેના કારણે તમામ હોસ્પિટલોમાં નવી એસઓપી જાહેર કરીને આઈસીસીયુને વધુ સુરક્ષિત અને સલામત બનાવવાનો સરકાર દ્વારા દાવો કરવામાં આવે છે પરંતુ સરકારી સિવિલની ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીંગમાં કાર્યરત યુ.એન.મહેતા ઈન્સ્ટિ.ની કેન્ટીનમાં બહારની બાજુમાં એક ડઝનથી પણ વધુ એલપીજી સિલિન્ડર રાખવામાં આવે છે તેની ઉપરની બાજુમાં આઈસીસીયુ સહિત ઘણા વોર્ડ પણ આવેલા છે.

અહીં કોઈ નિયમોનું પાલન થતું સ્પષ્ટ દેખાતું નથી તેમ છતા ફાયર વિભાગ દ્વારા કઇ રીતે એનઓસી આપી દેવામાં આવી તે સવાલ ઉભો થાય છે. સાથે જ જિલ્લા ડિઝાસ્ટર તંત્ર પણ અવાર નવાર ચેકીંગ કરવા આવે છે પરંતુ આ ચેકીંગ ફક્ત કાગળ ઉપર જ થતું હોય તેમ આ સ્થિતિ ઉપરથી સ્પષ્ટ થાય છે.

# રાજ્યના નવા DGP તરીકે ડો.કે.એલ.એન. રાવ લગભગ

## ટૂંક સમયમાં જ થઈ શકે છે સત્તાવાર જાહેરાત

• અમદાવાદ



નવા વર્ષની શરૂઆત સાથે ગુજરાતના પોલીસ વિભાગના નવા સુકાની પણ બદલાશે. નવા DGP તરીકે ડો.કે.એલ.એન. રાવનું નામ લગભગ નક્કી જ માનવામાં આવી રહ્યું છે. ગુજરાતના હાલના DGP વિકાસ સહાય સત્તાવાર રીતે તો 6 મહિના પહેલાં જ નિવૃત્ત થવાના હતા, પરંતુ તેમને 31 ડિસેમ્બર સુધીનું એક્સટેન્શન આપવામાં આવ્યું હતું, જે હવે પૂરું થવા જઈ રહ્યું છે. વિકાસ સહાયને ફરી એકવાર એક્સટેન્શન મળે એની કોઈ સંભાવના દેખાતી નથી. છેલ્લા કેટલાય સમયથી ગુજરાતના અધિકારી બેડામાં ચર્ચા હતી કે નવા DGP તરીકે જી.એસ.મલિકને જવાબદારી મળી શકે છે. જી.એસ. મલિક 1993ની બેંચના IPS અધિકારી છે અને અત્યારે અમદાવાદના પોલીસ કમિશનર છે. એ પહેલાં તેઓ કેટલાંક વર્ષ માટે દિલ્હીમાં ડેપ્યુટેશન પર હતા. તેમને અમદાવાદના પોલીસ કમિશનર બનાવ્યા ત્યારથી જ ચર્ચા હતી કે આગામી સમયમાં મલિકને રાજ્યના પોલીસવડા બનાવવામાં આવી શકે છે, કારણ કે અગાઉ શિવાનંદ ઝા, આશિષ ભાટિયા સહિતના IPS અધિકારી અમદાવાદ પોલીસ કમિશનરના પદે હતા, ત્યાર બાદ તેમને ગુજરાતના ડીજીપી બનાવાયા હતા, પરંતુ આ વખતે પરંપરા બદલાય શકે, એવું સૂત્રો તરફથી જાણકારી મળી રહી છે. DGP બનવાની રેસમાં સૌથી આગળ ચાલી રહેલા ડો.કે.એલ.એન. રાવ 1992ની બેંચના IPS અધિકારી છે. રાવ હાલમાં સીઆઈડી ક્રાઈમમાં DGP તરીકે ફરજ બજાવી રહ્યા છે. જી.એસ. મલિક કરતાં ડો. કે.એલ.એન.રાવ સિનિયર છે અને તેમને નિવૃત્તિને 22 મહિનાનો સમય બાકી છે, જેથી ગુજરાત રાજ્યના 30મા DGP તરીકે રાવની નિમણૂક થવાની શક્યતા વધુ મજબૂત માનવામાં આવી રહી છે. રાજ્યના નવા પોલીસવડાની પસંદગી માટે ગુજરાત સરકાર DGP કક્ષાના અધિકારીઓનાં નામ UPSCની પેનલને મોકલતી હોય છે, જેમાં ડો.કે.એલ.એન. રાવ, જી.એસ.મલિક, ડો.નીરજા ગોટરુ વગેરેનાં નામ લિસ્ટમાં હોઈ શકે છે. નોંધવા જેવી વાત એ પણ છે કે વિકાસ સહાય પછી ગુજરાત કેડરના સૌથી સિનિયર IPS અધિકારી શમશેર સિંહ છે. તેઓ હાલમાં ડેપ્યુટેશન પર છે. એટલું જ નહીં, તેમની નિવૃત્તિને પણ માંડ 3 મહિનાનો સમય બાકી છે. જ્યારે રેગ્યુલર નુંના પોસ્ટિંગ માટે 6 મહિનાની સર્વિસ બાકી હોવી જરૂરી છે. ડો.કે.એલ.એન.રાવ ઓક્ટોબર, 2027માં નિવૃત્ત થશે. તેમણે જિલ્લા પોલીસવડા તરીકે હિંમતનગર, ખેડા, મહેસાણા જેવા જિલ્લાઓમાં નોકરી કરી હતી.

# બોડેલી માર્કેટ યાર્ડમાં કપાસ વેચાણ મુદ્દે ફરિયાદ બાદ એપીએમસીની પ્રેસ કોન્ફરન્સ

## ખેડૂતોને નિર્ભયતાથી પોતાની ફરિયાદ રજૂ કરવા અપીલ કરવામાં આવી

• તોસીફ ખત્રી

બોડેલી માર્કેટ યાર્ડ ખાતે કપાસ વેચવા આવતા ખેડૂતો પાસેથી વટાવ કાપવામાં આવે છે તેમજ કપાસ ભીનો હોવાનું કહી કડદો કરવામાં આવે છે તેવી ફરિયાદોને લઈને ગઈકાલે કેટલાક ખેડૂતો દ્વારા છોટાઉદેપુર જિલ્લાના કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ખેડૂતોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે તેઓ પોતાની ખેતીમાં પકવેલો કપાસ બોડેલી માર્કેટ યાર્ડમાં વેચવા લાવે છે, જ્યાં વેપારીઓ દ્વારા ભાવ નક્કી કરીને ખરીદી કરવામાં આવે છે. ત્યારબાદ કપાસને સંબંધિત જીનીંગ ફેક્ટરી ખાતે ખેડૂતના ખર્ચે ખાલી કરાવવામાં આવે છે અને ત્યાં કપાસ ભીનો કે નબળો હોવાનું કહી દોઢથી બે ટકા જેટલો વટાવ તથા કડદો કરવામાં આવે છે.



આ ફરિયાદોને ધ્યાનમાં લઈને આજે બોડેલી એપીએમસીના ચેરમેન વાલજીભાઈ બારીયા તથા વાઈસ ચેરમેન યશપાલસિંહ ઠાકોર દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રેસ કોન્ફરન્સમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે બોડેલી માર્કેટ યાર્ડમાં સરકારશ્રીના નીતિ-નિયમો અને કાયદા મુજબ જ કપાસની ખરીદી કરવામાં આવે છે અને એપીએમસી દ્વારા કોઈ પણ પ્રકારનો વટાવ કે કડદો કરવામાં આવતો નથી. એપીએમસીના અધિકારીઓએ જણાવ્યું હતું કે જો કોઈ ખેડૂત સાથે દલાલ કે વેપારી દ્વારા ગેરરીતિ થઈ હોય તો તે ખેડૂત તાત્કાલિક બજાર સમિતિનો સંપર્ક કરે. આવી ફરિયાદ સાબિત થવા પર સંબંધિત દલાલ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર પડે તો લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. બોડેલી એપીએમસી દ્વારા ખેડૂતોને ન્યાય અપાવવા સંપૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી અને ખેડૂતોને નિર્ભયતાથી પોતાની ફરિયાદ રજૂ કરવા અપીલ કરવામાં આવી હતી.

દુર્ગંધયુક્ત વાતાવરણનો સામનો કરતા વાહનચાલકો

# ગાંધીનગર : સેક્ટર-૫માં માર્ગ નંબર-૨ પાસે ઉભરાતું ગંદુ પાણી અને ગટરો ચોકઅપ

• ગાંધીનગર

ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ગટરલાઈનો સમારકામના અભાવે બિસ્માર હાલતમાં મુકાઈ ગઈ છે. જેના પગલે અવાર-નવાર ગટર ચોકઅપ થઈ જવાના કારણે દુર્ગંધયુક્ત પાણી વહેતું હોય છે.જેથી સ્થાનિક રહીશો તેમજ નગરજનોને અવરજવર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.તંત્ર સમક્ષ રજૂઆતો કરવા છતાં સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહીં આવતા રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. ક્યારે નગરજનોને આ સમસ્યામાંથી છુટકારો મળશે. શહેરના સેક્ટર-૫માં માર્ગ નંબર ૨ પાસે ગટરના ગંદા પાણી છેલ્લા



ઘણા દિવસથી ઉભરાઈ રહ્યા છે.તો બીજી તરફ આસપાસમાં આવેલી ખુલ્લી જગ્યામાં ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે.છેલ્લા ઘણા સમયથી ગટરો ચોકઅપ થઈ ગઈ છે.સતત દુર્ગંધયુક્ત પાણી વહેતું હોવાના કારણે વાહનચાલકોને અવરજવર કરવું મુશ્કેલ બન્યું છે.તો આ માર્ગ ઉપર મોટી સંખ્યામાં રાહદારીઓ અને વાહનચાલકો અવરજવર કરતા હોય છે.તેમને પણ દુર્ગંધનો સામનો કરીને પસાર થવું પડે છે. આ અંગે તંત્ર સમક્ષ અવારનવાર સ્થાનિકો દ્વારા ફરિયાદો કરવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી અને આ વિસ્તારમાં મુખ્ય માર્ગ તેમજ અન્ય વિસ્તારમાં આવેલી ગટરો વારંવાર ઉભરાય છે. અવરજવર કરતા રહીશોને પણ દુર્ગંધનો સામનો કરીને પસાર થવું પડે છે. જેના પગલે આરોગ્ય સામે પણ ખતરો તોળાઈ રહ્યો છે.ત્યારે ગટરો બેક મારી ગંદુ પાણી આવતા દુગધ મારે છે અને વાતાવરણ દુષિત થાય છે. આથી પાણીજન્ય રોગચાળાનો ભોગ બને તે પહેલાં વારંવાર ઉભરાતી ગટરોની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી છે.છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવાના કારણે દુર્ગંધયુક્ત પાણી વચ્ચે અવરજવર કરતા લોકોની હાલત કફોડી બની જવા પામી છે.

### અનિતા અડવાણીએ ફરી એકવાર પોતાના નિવેદનોથી સનસનાટી મચાવી

# ડિમ્પલ પહેલા, એક સુંદરીએ રાજેશ ખન્ના સાથે કર્યા હતા ગુપ્ત લગ્ન



હિન્દી સિનેમામાં એવા થોડા જ સ્ટાર્સ રહ્યા છે જેમણે ખરેખર સ્ટારડમનો સ્વાદ ચાખ્યો છે. અને જ્યારે પણ આવા સ્ટાર્સની ચર્ચા થાય છે, ત્યારે હિન્દી સિનેમાના પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાનું નામ સૌથી પહેલા આવે છે, જેમની કારકિર્દી સફળતાનું જીવંત ઉદાહરણ હતું. છોકરીઓમાં તેમનો ક્રેઝ એટલો હતો કે તેઓ તેમના નામ સાથે સિંદૂર લગાવતી હતી. પરંતુ, તેમની કારકિર્દી જેટલી ભવ્ય હતી, તેમનું અંગત જીવન પણ એટલું જ તોફાની હતું. તેમના લગ્ન ડિમ્પલ કાપડિયા સાથે, જે તેમની ઉંમરથી અડધી ઉંમરની નાયિકા હતી, તેમની પુત્રીઓનો જન્મ અને પછી તેમના અલગ થવાના સમાચાર હંમેશા હેડલાઈન્સનો વિષય રહ્યા. રાજેશ ખન્નાનું નામ અંજુ મહેન્દ્રુ સાથે પણ જોડાયેલું હતું, અને તેમના મૃત્યુ પછી, બીજું નામ ઉભરી આવ્યું: અનિતા અડવાણી. આ વર્ષે અનિતા અડવાણીએ ફરી એકવાર પોતાના કેટલાક નિવેદનોથી સનસનાટી મચાવી.અનિતા અડવાણીએ દાવો કર્યો હતો કે તેણે રાજેશ ખન્ના સાથે ગુપ્ત રીતે લગ્ન કર્યા હતા. વાતચીત દરમિયાન, અનિતા અડવાણીએ જણાવ્યું હતું કે આ લગ્ન સંપૂર્ણપણે ખાનગી હતા અને તેથી ઉદ્યોગમાં ક્યારેય ચર્ચા થઈ ન હતી. બંને પહેલાથી જ ઉદ્યોગમાં નજીકના મિત્રો તરીકે જાણીતા હતા, તેથી તેમના સંબંધોની વ્યાપક ચર્ચા થઈ ન હતી.અનિતા અડવાણીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ''અમારા ઘરમાં એક નાનું મંદિર હતું. તેમણે ખાસ કરીને મારા માટે સોનાનું, કાળા મણકાવાળું મંગળસૂત્ર બનાવ્યું હતું. તેમણે તેને મારા ગળામાં પહેરાવ્યું અને મારા કપાળ પર સિંદૂર લગાવ્યું. પછી તેમણે કહ્યું, 'આજથી, તમે મારી જવાબદારી છો.''' અને આ રીતે અમે લગ્ન કર્યા. તે ફક્ત ભાવનાત્મક સંબંધ નહોતો, પરંતુ તેમણે તેને લગ્ન તરીકે સ્વીકાર્યો. ભલે અમે જાહેરમાં તેની જાહેરાત ન કરી હોય, અમે લગ્ન કર્યા હતા. અનિતાએ આ સમય દરમિયાન એવો પણ દાવો કર્યો હતો કે તે ડિમ્પલ કાપડિયા પહેલા રાજેશ ખન્નાના જીવનમાં આવી હતી. અનિતાએ કહ્યું, ''જ્યારે હું તેમને મળી ત્યારે હું ખૂબ જ નાની હતી. હું લગ્ન વિશે વિચારવા માટે ખૂબ જ નાની હતી. પછીથી, હું જયપુર પાછી ફરી.'' અનિતા અડવાણીના મતે, તે ૧૯૭૨ માં રાજેશ ખન્નાની નજીક આવી ગઈ હતી. આ વાત સુપરસ્ટારના ડિમ્પલ કાપડિયા સાથે લગ્ન પહેલાની છે. અનિતાએ કહ્યું કે જ્યારે તે જયપુર પરત ફર્યા ત્યારે તેમની વચ્ચે અંતર હતું, પરંતુ વર્ષો પછી જ્યારે તેઓ ફરી મળ્યા, ત્યારે તે અ ફરીથી નજીક આવી ગયા અને ૨૦૦૦થી, તે રાજેશ ખન્નાના બંગલા, આશીર્વાદમાં રહે છે.અનિતા રાજેશ ખન્નાના મૃત્યુ વિશે પણ વાત કરતા કહ્યું કે જ્યારે તે છેલ્લી વાર તેમને મળવા ગઈ ત્યારે તેમને ઘરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. અનિતાએ દાવો કર્યો હતો કે બાઉન્સરોએ તેમને રોક્યા હતા અને તેમની ઈચ્છા હોવા છતાં તેઓ રાજેશ ખન્નાને છેલ્લી વાર જોઈ શકી ન હતી. તેણીએ કહ્યું કે તે તેના કાકાને મળવા હોસ્પિટલમાં ગઈ હતી પરંતુ તેમને રોકવામાં આવ્યા. રાજેશ ખન્નાના પરિવારે દરવાજા પર ઊભા રહીને તેણીને ત્યાંથી જવાનું કહ્યું.

### ૯ મહિના સુધી કાશ્મીર સહિતના વિવિધ લોકેશન પર શૂટ થશે

# કાર્તિક-કબીર ખાનની ફિલ્મનું ૨૦૨૬માં શૂટિંગને ૨૦૨૭માં રિલીઝ કરવામાં આવશે



કાર્તિક આર્યન ચંદુ ચેમ્પિયન પછી કબીર ખાન સાથે કામ કરવાનો હોવાના અહેવાલો પહેલાં પણ હતા. હવે આ ફિલ્મ અંગે વધુ અહેવાલો છે, તે મુજબ તેઓ ફરી એક વખત સ્પોર્ટ્સ એડવેન્ચર ફિલ્મ પર કામ કરી રહ્યા છે, જેની વાર્તા કાશ્મીર આધારીત છે. સુત્રએ આ અંગે જણાવ્યું, ''કાર્તિક અને કબીર જે ફિલ્મ માટે કામ કરી રહ્યા છે, તે એક ગેમ ચેન્જર જોનર હોઈ શકે છે. આ એક મોટા પ્રોડક્શન બજેટની સ્પોર્ટ્સ એડવેન્ચર ફિલ્મ છે. આ ફિલ્મ માટે પણ કાર્તિક સઘન તાલીમ લેવાનો છે. તેઓ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાના છે.''આ ફિલ્મ કાસ્મીર સહિત દુનિયાભરના વાસ્તવિક લોકેશન પર શૂટ થશે અને ૨૦૨૭માં રિલીઝ થઈ શકે છે. સુત્રએ જણાવ્યું કે, ''કબીર ફેબ્રુઆરીથી ઓક્ટોબર ૨૦૨૬ સુધી વિવિધ સ્થળો પર ફિલ્મનું શૂટિંગ કરશે. કાર્તિક ધર્મા પ્રોડક્શનની નાગઝિલાનું શૂટ પૂરું કરીને તરત આ ફિલ્મનું કામ શરૂ કરશે.''કાર્તિક આર્યન હાલ ઘણી સ્ક્રીપ્ટ વાંચી રહ્યો છે અને તે ૨૦૨૬ના પાછળના ભાગમાં ભૂલ ભુલૈયા ૪ પણ શરૂ કરવાનો છે. આ ઉપરાંત તે લવ રંજન સાથે પણ કોઈ ફિલ્મ અંગે ચર્ચાઓ કરી રહ્યો છે. સુત્રએ જણાવ્યું, ''નાગઝીલા અને કબીર ખાનની ફિલ્મ પછી તે અનીસ બાઝમીની ભૂલ ભુલૈયા ૪ પર કામ શરૂ કરશે. આ ઉપરાંત તે ૨૦૨૬માં અનુરાગ બાસુની મ્યુઝિકલ ફિલ્મનું શૂટ પણ પૂરું કરવાનો છે.''કાર્તિક આર્યન અને કબીર ખાનની ફિલ્મ એપ્લાઉઝ્ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે.

### તસવીર સાથે છેતરપિંડી અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી

# ક્રિતિ ખરબંદાએ તેની ઓળખ ચોરનારને ખુલ્લા પાડ્યા



આજકાલ ઘણા સેલેબ્રિટી અને કલાકારો ડિજીટલ ક્રાઈમનો ભોગ બની રહ્યા છે. ક્રિતિ ખરબંદાએ પણ પોતાનાં સોશિયલ મીડિયા પર આ અંગે પોસ્ટ કરી છે. ક્રિતિએ તેના ફૅન્સ અને ફોલોવર્સને તેના નામ અને તસવીર સાથે વોટ્સએપ પર અંગે વાત કરી હતી, આ બાબતને તેણે ઓળખ ચોરવાની ઘટના ગણાવી હતી. ક્રિતિએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શંકાસ્પદ વોટ્સએપ ચેટના સ્ક્રિન શોટ શેર કર્યા હતા અને સ્પષ્ટ કર્યું હતું કે તેમાં દેખાતો નંબર તેનો નથી. ક્રિતિએ લખ્યું, ''નોટ ઓકે. નોટ કૂલ. મારો નંબર નથી. તમે જે નથી એ બતાવવું મતલબ તમે કોઈની ઓળખ ચોરી રહ્યા છો. સાવધાન રહેજો.''ક્રિતિએ સ્ક્રીનશોટમાં બતાવ્યું કે કોઈ તેના નામે મેસેજ કરી રહ્યું છે. તેના સ્ક્રીનશોટમાં જ્યારે સામેની વ્યક્તિ આ મેસેજ કરનારને તેની ઓળખ વિશે પૂછે છે, તે કહે છે, ''આ તેનો નંબર નથી.'' તો એ વ્યક્તિ જવાબ આપે છે, ''મેં આ નંબરથી જ મેસેજ કર્યો હતો.''ક્રિતિ પહેલાં આવું રકુલપ્રીત સાથે પણ તયું હતું તેણે પણ લોકોને સાવધ કર્યા હતા કે કોઈ તેના નામે મેસેજ કરી રહ્યું છે. આ પહેલાં સન્ની લિઓની અને અભિનવ શુક્લાએ પણ આવા છેતરપિંડી કરનારાઓને ખુલ્લા પાડ્યા હતા. ઘણા લોકોએ આ રીતે બેંક લોન લેવા માટે પણ તેમના નામનો દુરુપયોગ કર્યો હતો. ક્રિતિએ છેલ્લે રાના નાઈડુ ૨ વેબ સિરીઝમાં કામ કર્યું હતું અને હવે તેની રિસ્કી રોમિઓ આવી રહી છે.

# વિશાલ જેઠવાનો ખુલાસો : 'હોમબાઉન્ડ' પછી ફિલ્મની ઓફર બદલાઈ ગઈ છે



વિશાલ જેઠવાએ ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ નીરજ ઘાયવાનની 'હોમબાઉન્ડ' માં તેમના અભિનયની પ્રશંસા કરવામાં આવી છે. વિશાલ જેઠવાએ એક મુલાકાતમાં સમજાવ્યું કે 'હોમબાઉન્ડ' માં કામ કર્યા પછી તેમને મળતી ફિલ્મની ઓફર કેવી રીતે બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે હવે તેમને જે ફિલ્મો ઓફર થઈ રહી છે તે એવી છે જે તેમની પાસે પહેલા ક્યારેય નહોતી. વિશાલે કહ્યું કે તેમને ''ઘણી બધી પ્રકારની ફિલ્મો મળવા લાગી જે પહેલા નહોતી આવતી.'' તેમણે એમ પણ કહ્યું કે 'હોમબાઉન્ડ' હંમેશા તેમના જીવનમાં એક યાદગાર ફિલ્મ રહેશે. તેમણે કહ્યું, ''મને ઘણી બધી અલગ અલગ પ્રકારની ફિલ્મો મળવા લાગી જે પહેલા નહોતી આવતી. એક જ શૈલીમાં કામ કરતી વખતે, તમને આશ્ચર્ય થાય છે કે હવે મારે શું કરવું જોઈએ?તમે હંમેશા એક જ શૈલીમાં રહેવા માંગતા નથી. તમે એક જ પ્રકારનું કામ કરવા માંગતા નથી. પરંતુ હવે હું જે પ્રકારની સ્ક્રિપ્ટો વાંચી રહ્યો છું તે પહેલા કરતા થોડી અલગ છે. તો હા, હોમબાઉન્ડની સફળતાએ મને ઘણું બધું આપ્યું છે. તેણે મને ખૂબ સારી સ્થિતિમાં મૂક્યો છે. તેણે મને મારી કારકિર્દીમાં સફળતા આપી છે. તેણે મને એક નામ આપ્યું છે. તેણે મને સારી ઓફરો આપી છે. અને હોમબાઉન્ડ હંમેશા મારા જીવનમાં એક યાદગાર ફિલ્મ રહેશે.તેમને પૂછવામાં આવ્યું કે શું ફિલ્મમાં કોઈ એવા દ્રશ્યો છે જે અંતિમ કટમાં સ્થાન મેળવી શક્યા નથી, અને શું તેમને તેનો અફસોસ છે. તેમણે કહ્યું, ''મને કોઈ પણ દ્રશ્યનો અફસોસ નથી. અમે શૂટ કરેલા ઘણા દ્રશ્યો કાપવામાં આવ્યા હતા. કારણ કે ફિલ્મનો ચોક્કસ સમયગાળો હોવો જોઈએ, મને કોઈ અફસોસ નથી.

### 'ધ ફેક બ્યૂટી ઓફ બોલિવૂડ સેલિબ્રિટીઝ' પર યૂટ્યૂબર ધ્રુવ રાઠીએ ઘટસ્ફોટ કર્યો

# અભિનેત્રી દીપિકા પાદુકોણ સ્કિન ટ્રીટમેન્ટ કરાવી હોવાનો દાવો?



રણવીર સિંહ ની ફિલ્મ 'ધુરંધર' પર કંટેન્ટ ક્રિએટર ધ્રુવ રાઠી એ હવે બોલિવૂડ અભિનેત્રીઓને સ્કિનને ચમકાવતી સારવાર કરાવવા બદલ આકરી ટીકા કરી છે, જેમાં અભિનેતાની પત્ની, અભિનેત્રી દીપિકા પાદુકોણ નો પણ સમાવેશ થાય છે. યુટ્યુબ પર 'ધ ફેક બ્યુટી ઓફ બોલિવૂડ સેલિબ્રિટીઝ' નામના ધ્રુવ રાઠીના તાજેતરના વિડિઓમાં રાઠીએ દાવો કર્યો છે કે કાજોલ, બિપાશા બાસુ અને પ્રિયંકા ચોપરા જેવા ઘણા કલાકારોએ આવી સર્જરી કરાવી છે. પરંતુ, તેમના આરોપો દીપિકાના ચાહકોને પસંદ ન આવ્યા અને તેઓ સોશિયલ મીડિયા પર તેનો બચાવ કરવા માટે પહોંચી ગયા છે.તેણે વીડિયોમાં બોલિવૂડ સેલિબ્રિટીઓ તરફ ઈશારો કરતા કહ્યું''જે સુંદરતાને તમે ભગવાનની ભેટ માનો છો, તે ખરેખર ડૉક્ટરની ભેટ બની ગઈ છે.' આ પછી, તેણે કેટલીક કોસ્મેટિક સર્જરી પ્રક્રિયાઓનો ઉલ્લેખ કર્યો, જેમાં નોઝ જોબ, લિપ ફિલર, ચરબી દૂર કરવી, જડબાના વિસ્તરણ, ફેસ લિફ્ટ, બોટોક્સ અને અન્યનો સમાવેશ થાય છે, અને આરોપ લગાવ્યો કે મોટાભાગના બોલિવૂડ અને હોલીવુડ સેલિબ્રિટીઓ સામાન્ય લોકોને અસુરક્ષિત અનુભવ કરાવવા માટે આ કરાવે છે. ત્યારબાદ તેણે ઘણા સેલિબ્રિટીઓની ક્લિપ્સ બતાવી જેમાં તેઓ સ્વીકારે છે કે તેઓએ સર્જરી કરાવી છે, અને જે લોકોએ જાહેરમાં સ્વીકાર્યું નથી તેને ખોટા સાબિત કર્યા હતા. બોટોક્સ ઉપરાંત યુટ્યુબરે બિપાશા બાસુ, દીપિકા પાદુકોણ, શિલ્પા શેટ્ટી, કાજોલ અને પ્રિયંકા ચોપરા જેવી ઘણી અભિનેત્રીઓના નામ પણ સૂચિબદ્ધ કર્યા, અને દાવો કર્યો કે તે બધાએ સ્કિન લાઈટનિંગ ટ્રીટમેન્ટ કરાવી છે. તેણે એમ પણ કહ્યું કે આવી અભિનેત્રીઓ ચોક્કસ ગ્લુટાથિઓન ઈન્જેક્શન લે છે, તેણે એ પણ કહ્યું કે ''તેની કરિયરની શરૂઆતમાં તેનો સ્કિન કલર ઘાટો દેખાતો હતો, પરંતુ હવે તે લાઈટ થઈ ગયો છે, પરંતુ સનલાઈટમાં ઓછું જવાથી અને ક્રીમ લગાવવાથી સ્કિન કલરમાં ફેરફાર થાય છે. તેણે એવો પણ દાવો કર્યો કે અભિનેતા શેફાલી જરીવાલાનું મૃત્યુ ખાલી પેટ એન્ટી એજિંગ ઈન્જેક્શન લેવાને કારણે થયું હતું.જોકે રાઠીનો લેટેસ્ટ વીડિયો નેટીઝન્સ દ્વારા પસંદ કરવામાં આવ્યો ન હતો. ઘણા ચાહકોએ દીપિકા પાદુકોણનો બચાવ કર્યો હતો, અને કન્ટેન્ટ-ક્રિએટરના દાવાઓની ટીકા કરી હતી. એક વ્યક્તિએ લખ્યું કે ''ફાઈનલ કટમાં લાઈટિંગ મદદ કરે છે અને એડિટિંગ પણ થાય છે. મને નથી લાગતું કે તેને કોઈ ટ્રીટમેન્ટ મળી છે.''

### શિલ્પાએ કહ્યું, મને કોઈ સરખામણી દેખાતી નથી

# ફલક નાઝે 'ભાબીજી ઘર પર હૈ' ફેમ શિલ્પા શિંદેને ઠપકો આપ્યો, શુભાંગી અત્રેને ટેકો આપ્યો અને કહ્યું, 'બાય.. બાય..'



લાંબા સમય સુધી, અંગૂરી ભાભીનું પાત્ર વિવાદનો વિષય હતું, પરંતુ પછી લોકોને ધીમે ધીમે આ ભૂમિકા ગમવા લાગી. જોકે, જ્યારે શિલ્પા શિંદેએ ૨૦૧૬ માં નિર્માતાઓ સાથેના વિવાદ પછી 'ભાભીજી ઘર પર હે' છોડી દીધી, ત્યારે શો બંધ થવાની અફવાઓ શરૂ થઈ. પછી શુભાંગી અત્રે આવી, જેમણે આ પ્રતિષ્ઠિત પાત્ર ભજવ્યું, તેણે વર્ષો સુધી તેને પોતાનું બનાવ્યું, અને દર્શકોના હૃદયમાં તેને જીવંત રાખવા માટે સખત મહેનત કરી. હવે, ''ભાભીજી ઘર પર હે ૨.૦'' માટે શિલ્પા શિંદે પરત ફર્યા પછી, જે ભવ્ય પુનરાગમન હોવું જોઈએ તે ઉદ્યોગમાં વિવાદ બની ગયું છે.આ વિવાદ ઈન્ટરવ્યુ દરમિયાન શરૂ થયો હતો. શુભાંગી અત્રેના પાત્ર અને તેના પાત્ર વચ્ચેની સરખામણી વિશે પૂછવામાં આવતા, શિલ્પાએ કહ્યું, ''મને કોઈ સરખામણી દેખાતી નથી.'' શિલ્પાનો અર્થ એ હોઈ શકે છે કે તે તેના પાત્રને અનન્ય માને છે, પરંતુ ઉદ્યોગમાં તેના સાથીદારો સહિત ઘણાને લાગ્યું કે તે છેલ્લા નવ વર્ષથી શો ચલાવનાર વ્યક્તિની ટીકા કરી રહી છે. તેણીનું નિવેદન સોશિયલ મીડિયા પર આગની જેમ ફેલાઈ ગયું,



### પ્રભાવશાળી લોકો હંમેશાં વધુ અવરોધો ઊભા કરે છે

# ઉદ્યોગમાં સત્તાના ખેલ અને રાજકારણ ચાલે છે ચિત્રાંગદા સિંહ કહે છે, 'આપણે લડવું પડશે'

ચિત્રાંગદા સિંહ હાલમાં તેની આગામી ફિલ્મ અને તેની તાજેતરની રિલીઝ બંને માટે સમાચારમાં છે. તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ''રાત અકેલી હૈઃ ધ બંસલ મર્ડર'' ને ઘણી પ્રશંસા મળી રહી છે, પરંતુ તે સતત પ્રશંસાનો સ્રોત રહી છે. દરમિયાન, ચિત્રાંગદા સલમાન ખાન સાથેની તેની આગામી ફિલ્મ ''બેટલ ઓફ ગલવાન'' માટે પણ સમાચારમાં છે. ફિલ્મનું ટીઝર તાજેતરમાં રિલીઝ થયું હતું. દરમિયાન, ચિત્રાંગદાએ ઉદ્યોગમાં તેના અનુભવો શેર કર્યા અને સમજાવ્યું કે પ્રભાવશાળી લોકો કેવી રીતે પડકારો ઉભા કરી શકે છે.


ઝૂમ સાથેની વાતચીતમાં, ચિત્રાંગદાએ સ્વીકાર્યું કે ઉદ્યોગમાં રાજકારણ અને સત્તાનો ખેલ અસ્તિત્વમાં છે. પ્રભાવશાળી લોકો હંમેશા અવરોધો ઉભા કરે છે, ખાસ કરીને જ્યારે દાવ વધારે હોય છે. તેણી માને છે કે આ ઉદ્યોગમાં મેળવવા અને ગુમાવવા માટે ઘણું બધું છે. જ્યારે પણ તમે એવી જગ્યાએ હોવ જ્યાં ખ્યાતિ અને મહાન સિદ્ધિની સંભાવના હોય છે, ત્યારે ઘણા લોકો તમારા માર્ગમાં ઉભા રહે છે. જેમ જેમ જોખમો વધે છે, તેમ તેમ તમારા માર્ગમાં ઉભા રહેલા લોકો પણ. તમારે કાં તો તેમની સામે લડવું પડશે, તેમનો સામનો કરવાનું શીખવું પડશે, અથવા તમારું નસીબ લઈને આગળ વધવું પડશે.


ઈન્ડસ્ટ્રીમાં પોતાની સફર વિશે વાત કરતાં અભિનેત્રીએ કહ્યું, ''મારા કિસ્સામાં, નસીબ અને સંઘર્ષ બંને હતા. તમારે બંનેમાં વિશ્વાસ કરવો પડશે. એક વસ્તુ કામ કરશે નહીં. તમારે સંઘર્ષ કરવો પડશે અને વસ્તુઓને સફળ બનાવવા માટે નસીબ પર આધાર રાખવો પડશે.''

કામના મોરચે, ચિત્રાંગદાની ૨૦૨૫ માં ચાર ફિલ્મો રિલીઝ થઈ હતી. તેમાં ''પરિક્રમા,'' ''હાઉસફુલ ૫,'' ''ખાકીઃ ધ બંગાળ ચેપ્ટર,'' અને ''રાત અકેલી હૈઃ ધ બંસલ મર્ડર્સ'' શામેલ છે. જોકે, ''હાઉસફુલ ૫'' સિવાય, તેના અન્ય તમામ પ્રોજેક્ટ્સ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયા હતા. તે છેલ્લે નેટફિલક્સ ફિલ્મ ''રાત અકેલી હૈઃ ધ બંસલ મર્ડર્સ'' માં નવાઝુદીન સિદીકી અને રાધિકા આપ્ટે સાથે જોવા મળી હતી.

### જાણીતા પ્રોડ્યુસરનો સનસનાટીભર્યો દાવો

# અમિતાભ બચ્ચને એવોર્ડ ન ખરીદ્યો એટલે અનિલ કપૂરને એનાયત કરાયો






બોલિવૂડમાં છેલ્લા ઘણા વર્ષોથી એવોર્ડ સેરેમનીની પરંપરા ચાલતી આવી છે. એવું માનવામાં આવે છે કે, જે પણ એક્ટરને 'બેસ્ટ એક્ટર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે તેની ઈન્ડસ્ટ્રીમાં વેલ્યૂ ખૂબ વધી જાય છે. આના ચક્કરમાં ઘણા લોકો એવોર્ડ ખરીદવા પણ લાગ્યા છે. આ વાતનો ખુલાસો ઘણા એક્ટર અને સ્ટાર્સ કરી ચૂક્યા છે.હવે તાજેતરમાં જ બોલિવૂડના જાણીતા પ્રોડ્યૂસર અને મુંબઈના ફેમસ થિયેટર ગેટી ગેલેક્સીના માલિક મનોજ દેસાઈએ ઈન્ડસ્ટ્રી સાથે સબંધિત કેટલાક સનસનાટીભર્યા દાવા કર્યા છે. તેણે દાવો કર્યો છે કે, આ વખતે અમિતાભ બચ્ચનને એવોર્ડ ખરીદવાની ઓફર મળી હતી, જેનો અભિનેતાએ ઈનકાર કરી દીધો અને એવોર્ડ ન ખરીદ્યો. પરંતુ પછી તે એવોર્ડ અનિલ કપૂરને મળ્યો. પ્રોડ્યૂસરનો દાવો છે કે અનિલ કપૂરે તે એવોર્ડ ખરીદ્યો હતો.એક યુટ્યુબ ચેનલ પર મનોજ દેસાઈએ કહ્યું કે, 'એકવાર હું અને અમિતાભ બચ્ચન સાથે બેઠા હતા. તે સમયે એક એવોર્ડ ફંક્શન ચાલી રહ્યો હતો. ત્યારે રઉફ અહેમદ જે તે સમયે ફિલ્મ રાઈટર હતા, મારી પાસે આવ્યા અને કહ્યું કે, 'જો હું અમિતાભ બચ્ચનને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપું તો શું તમે આખી પાર્ટીનો ખર્ચ ઉઠાવશો?'

### સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 37779.40 કરોડનાં કામકાજ

# સોનાના વાયદામાં રૂ.1438 અને ચાંદીના વાયદામાં રૂ.11531નો જંગી ઉછાળો: ક્રૂડ તેલમાં રૂ.18નો સુધારો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.48360.65 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.242250.56 કરોડનું ટર્નઓવર




• મુંબઈ


દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.290619.15 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.48360.65 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.242250.56 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો 35109 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1992.1 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 37779.40 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.136000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.136650 અને નીચામાં રૂ.135292ના મથાળે અથડાઈ, રૂ.134942ના આગલા બંધ સામે રૂ.1438 વધી રૂ.136380 થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો 8 ગ્રામદીઠ રૂ.2031 વધી રૂ.109742 થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો 1 ગ્રામદીઠ રૂ.212 વધી રૂ.13682ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.1385 વધી રૂ.133980 થયો હતો.

ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.134292ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.135308 અને નીચામાં રૂ.134261ના મથાળે અથડાઈ, રૂ.133076ના આગલા બંધ સામે રૂ.1649 વધી રૂ.134725ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.231100ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.237225 અને નીચામાં રૂ.231100ના મથાળે અથડાઈ, રૂ.224429ના આગલા બંધ સામે રૂ.11531 વધી રૂ.235960ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.10940 વધી રૂ.236760ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.10978 વધી રૂ.236800ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.8684.94 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.60.2 વધી રૂ.1261.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.2.1 વધી રૂ.306.35ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.4.15 વધી રૂ.294.35ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો રૂ.5.9 વધી રૂ.194.9 થયો હતો.

# રોઝાટંકારીયા-બદલપુરાનો ૬૦ વર્ષનો ઈન્તજાર ખતમ: ધારાસભ્ય ડી.કે. સ્વામીએ ૨.૫૯ કરોડના માર્ગનું કર્યું લોકાર્પણ

• આમોદ



આમોદ તાલુકાના રોઝાટંકારીયા અને બદલપુરા ગામના ગ્રામજનો માટે લાંબા સમયની હાલાકીનો અંત આવ્યો છે. આશરે ૬૦ વર્ષના લાંબા સમય બાદ આ બંને ગામોને જોડતો ૨.૫૯ કરોડના ખર્ચે નવનિર્મિત પાકો રસ્તો મળ્યો છે, જેનું લોકાર્પણ જંબુસર-આમોદ વિધાનસભાના ધારાસભ્ય ડી.કે. સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. વર્ષોથી અત્યંત બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગને કારણે ગ્રામજનોને, ખાસ કરીને ચોમાસામાં અવરજવર કરવામાં ભારે મુશ્કેલી વેઠવી પડતી હતી. ગ્રામજનોની વર્ષો જૂની માંગણીને ધ્યાને લઈ ધારાસભ્યના સતત પ્રયાસોથી રાજ્ય સરકારે આશરે ૪ કિલોમીટર લાંબા માર્ગના નિર્માણ માટે મોટી ગ્રાન્ટ ફાળવી હતી.

લોકાર્પણ સમારોહમાં ધારાસભ્ય ડી.કે. સ્વામીએ શ્રીફળ વધેરી અને રીબીન કાપી માર્ગને પ્રજા માટે ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે તેમણે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેવાડાના ગામો સુધી પાકા રસ્તાની સુવિધા પહોંચાડવી એ સરકારની પ્રાથમિકતા છે. લોકાર્પણ બાદ ધારાસભ્યએ રોઝાટંકારીયા ગામે નિર્માણ પામી રહેલા નવા એપ્રોચ રોડનું પણ સ્થળ નિરીક્ષણ કરી અધિકારીઓને ગુણવત્તાયુક્ત કામગીરી માટે જરૂરી સૂચનાઓ આપી હતી. આ કાર્યક્રમમાં રોઝાટંકારીયાના સરપંચ ધર્મેન્દ્ર પંડવી, માર્ગ અને મકાન વિભાગના ડેપ્યુટી ઈજનેર નિકુંજ શાહ, ભાજપના આગેવાનો અને બંને ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ઉમટી પડ્યા હતા.

# ભરૂચમાં રાજપૂત સમાજના સ્નેહ મિલનમાં ગુંજ્યો પ્રગતિનો સુર

### બિનજરૂરી ખર્ચ ઘટાડો, શિક્ષણ વધારોનો સૂર ગાજ્યો




• ભરૂચ

ભરૂચના ઐતિહાસિક નીલકંઠેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં 'શ્રી સમસ્ત ભરૂચ જિલ્લા ક્ષત્રિય રાજપૂત સમાજ' દ્વારા આઠમા વાર્ષિક સ્નેહ મિલન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના સંગઠનને મજબૂત કરવા અને સામાજિક સુધારા લાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઓમકારસિંહ મહારાઉલજી, નરેન્દ્રસિંહ સોલંકી, નયનસિંહ બાલશ, જીતસિંહ મકવાણા, સુભાષસિંહ સોલંકી અને બરવંતસિંહ ચાવડા સહિતના પ્રતિષ્ઠિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ સમાજમાં વ્યાપેલા વ્યસનો અને કુરીવાજોને જડમૂળથી દૂર કરવા તેમજ શિક્ષણનો વ્યાપ વધારી યુવા પેઢીને ઉજ્જવળ બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. સામાજિક પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચ ઘટાડીને તે નાણાંનો ઉપયોગ સમાજના ઉત્થાન માટે કરવા માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત, ટ્રસ્ટીઓ દ્વારા સમાજની વાડી નિર્માણ અને વ્યવસ્થાપન સંબંધિત મહત્વના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત ક્ષત્રિય ભાઈઓ અને બહેનોની હાજરીમાં આ સમારોહ સામાજિક એકતાનું પ્રતીક બન્યો હતો, જેને સફળ બનાવવા ટ્રસ્ટીઓ અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કાયદાકીય લડતમાં ગડખોલના સરપંચ મંજુલાબેન પટેલની જીત



• અંકલેશ્વર,

અંકલેશ્વર તાલુકાની મહત્વની એવી ગડખોલ ગ્રામ પંચાયતના રાજકારણમાં મોટો વળાંક આવ્યો છે. 1.16 કરોડના સરકારી નાણાંની કથિત ઉચાપત કરવાના ગંભીર આક્ષેપ હેઠળ પદભ્રષ્ટ થયેલા સરપંચ મંજુલાબેન પટેલે હાઈકોર્ટના આદેશ બાદ ગતરોજ ૩૦ ડિસેમ્બરે પુનઃ સરપંચ તરીકેનો પદભાર સંભાળી લીધો છે. ત્રણ વર્ષ પૂર્વે તાલુકા વિકાસ અધિકારી દ્વારા ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) કીનો દુરુપયોગ કરી ૪૩ જેટલા કામોના ચૂકવણામાં ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ નોંધાવાઈ હતી, જેના આધારે જિલ્લા વિકાસ અધિકારીએ સરપંચ અને તલાટીને સસ્પેન્ડ કર્યા હતા.

આ સસ્પેન્શનના નિર્ણયને મંજુલાબેન પટેલે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. લાંબી કાયદાકીય લડત બાદ હાઈકોર્ટે મંજુલાબેન પટેલની તરફેણમાં ચુકાદો આપી તેમને સરપંચ પદે ફરીથી નિયુક્ત કરવાનો આદેશ કર્યો હતો. આ આદેશના પગલે ગતરોજ તેઓ ગ્રામ પંચાયત ખાતે પહોંચ્યા હતા અને વિધિવત રીતે પોતાની જવાબદારી સંભાળી હતી. કથિત ઉચાપતના આક્ષેપો વચ્ચે હાઈકોર્ટના આ સ્ટે ઓર્ડરથી ગડખોલના સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચાઓ જાગી છે. આગામી દિવસોમાં આ કેસની કાયદાકીય પ્રક્રિયા કઈ દિશામાં જશે તેના પર સૌની નજર રહેશે.

### સીઝનલ ફ્લૂ અને રોગચાળા સામે સજ્જ રહેવા આદેશ

# ભરૂચ જિલ્લામાં આરોગ્યલક્ષી વ્યવસ્થાઓનું કલેક્ટર દ્વારા નિરીક્ષણ

• ભરૂચ



જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે તેમજ પ્રાયોજના વહીવટદારની ઉપસ્થિતિમાં જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) અને નેશનલ વેક્ટર બોર્ન ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત થયેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરે ખાસ કરીને સીઝનલ ફ્લૂ, પાણીજન્ય અને વાહકજન્ય રોગોનો ફેલાવો ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે જરૂરી દવાઓ, માસ્ક અને ટ્રીપલ ટેસ્ટિંગ કીટનો જથ્થો અગાઉથી સુનિશ્ચિત કરવા વહીવટી તંત્રને આદેશ આપ્યા હતા.

બેઠક દરમિયાન રોગચાળા અટકાયત માટે દૈનિક ધોરણે થતી ડેટા એન્ટ્રી, સિકલસેલ એનીમીયા નિયંત્રણ, ક્લાઈમેટ ચેન્જ, લેપ્રેસી અને ટીબી કંટ્રોલ જેવા મહત્વના રાષ્ટ્રીય કાર્યક્રમો વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મુનિરા શુક્લાએ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લાની વર્તમાન આરોગ્ય પરિસ્થિતિ અને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો રજૂ કરી હતી. જાહેર જનતાની સુખાકારી માટે સંકલિત રીતે કામ કરવા અને છેવાડાના વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓ સુદ્રઢ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ અને આરોગ્ય સમિતિના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## રાશીફળ (તા.31-12-2025)

**મેષ (અ.લ.ઈ):** આજનો દિવસ તમારા માટે નવા અવસર લઈને આવશે. કાર્યક્ષેત્રમાં તમારી ઊર્જા અને આત્મવિશ્વાસ વધશે. કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત ફાયદાકારક બનશે.

**વૃષભ (બ.વ.ઉ):** આજે તમે માનસિક રીતે સંતુલિત અને સકારાત્મક અનુભવશો. પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. નોકરી કે વ્યવસાયમાં સ્થિરતા રહેશે. આર્થિક લાભ મળી શકે છે.

**મિથુન:** આજે તમારો સંવાદકૌશલ્ય તમારી સૌથી મોટી શક્તિ બનશે. કોઈ મહત્વપૂર્ણ પ્રોજેક્ટમાં મળેલી સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. નવા અવસરો માટે તૈયાર રહો.

**કર્ક:** આજે તમે ભાવનાત્મક રીતે થોડા સંવેદનશીલ રહી શકો છો. પરિવારનો સહકાર મળવાથી મન શાંત રહેશે. કારકિર્દીમાં નવી જવાબદારી મળી શકે છે જે આગળ જઈને લાભદાયક સાબિત થશે.

**સિંહ:** આજનો દિવસ આત્મવિશ્વાસથી ભરેલો રહેશે. નોકરીમાં પ્રશંસા કે પ્રમોશન મળી શકે છે. વેપારીઓ માટે દિવસ અનુકૂળ છે. કોઈ જૂની સમસ્યા આજે ઉકેલી શકાય છે.

**કન્યા:** આજે તમારું ધ્યાન કામ પર વધારે રહેશે. અનુશાસન અને આયોજનથી કામ કરશો તો સફળતા નિશ્ચિત છે. આર્થિક સ્થિતિ સારી રહેશે, પરંતુ ખર્ચામાં વધારો થઈ શકે છે.

**તુલા:** આજે સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. કોઈ નવા પ્રોજેક્ટ અથવા કામની શરૂઆત માટે દિવસ ઉત્તમ છે. મિત્રોથી સહકાર મળશે. આર્થિક મામલામાં સમજદારીથી નિર્ણય લો.

**વૃશ્ચિક:** આજે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેતાં સાવધાની રાખો. આર્થિક લાભ મળી શકે છે, પરંતુ ખર્ચ પણ વધશે. પરિવારમાં કોઈ મુદ્દે ચર્ચા થઈ શકે છે.

**ધન:** આજનો દિવસ નવા અવસર અને સકારાત્મક બદલાવોથી ભરેલો રહેશે. પ્રવાસના યોગ શુભ છે અને લાભદાયી બનશે. વ્યવસાયમાં વિસ્તરણની યોજના સફળ થશે.

**મકર:** આજે કામની વ્યસ્તતા વધુ રહેશે. જવાબદારીઓ પૂરી કરવામાં સમય જશે, પરંતુ પરિણામ તમારા પક્ષમાં આવશે. આર્થિક મામલામાં સાવધાની રાખો. પરિવારમાં કોઈ મુદ્દે ચર્ચા થઈ શકે છે.

**કુંભ:** આજે તમારા વિચારોની સ્પષ્ટતા તમને ખાસ બનાવશે. કામની જગ્યા પર નવી યોજના બનેલી જોવા મળશે, જેમાં તમારી ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. આર્થિક લાભ મળી શકે.

**મીન:** આજનો દિવસ આધ્યાત્મિકતા અને આત્મચિંતનનો રહેશે. મન શાંત રહેશે અને કામમાં વધુ ધ્યાન આપી શકશો. આર્થિક મામલામાં સુધારો થશે. પરિવાર સાથે સમય સારો પસાર થશે.

# કેલેન્ડરના પાના નહીં, આદતો બદલો

• દર્શના પટેલ નેશનલ મેડાલિસ્ટ



સાચા પરિવર્તનની શરૂઆતદર વર્ષે જ્યારે ૩૧ ડિસેમ્બરની રાત્રે ૧૨ વાગે છે, ત્યારે દુનિયાભરમાં ઉત્સાહનું મોજું ફરી વળે છે. લોકો એકબીજાને ભેટે છે, ફટાકડા ફોડે છે અને 'હેપ્પી ન્યૂ યર' કહે છે. પણ શું માત્ર તારીખ બદલાવાથી આપણું જીવન બદલાઈ જાય છે? જવાબ છે ના. સત્ય તો એ છે કે, 'કેલેન્ડરના પાના બદલવાથી નસીબ નથી બદલાતું, પણ જો તમે તમારી આદત બદલશો તો ભવિષ્ય આપોઆપ બદલાઈ જશે.'કેલેન્ડર બદલવું એ એક બાહ્ય પ્રક્રિયા છે, જેમાં આપણો કોઈ હાથ નથી. સમય તેની ગતિએ વહેતો રહેશે. પરંતુ આદત બદલવી એ એક આંતરિક પ્રક્રિયા છે. નસીબ એ ઘણીવાર આપણા હાથમાં હોતું નથી, પરંતુ આપણું 'ભવિષ્ય' એ આપણી આજની નાની-નાની આદતોનું જ પરિણામ હોય છે.જેમ કે, જો કોઈ વ્યક્તિ દરરોજ સવારે ૧ કલાક મોડી ઉઠે છે, તો આખા વર્ષમાં તે ૩૬૫ કલાક એટલે કે લગભગ ૧૫ દિવસ જેટલો સમય ગુમાવે છે. અહીં વર્ષ બદલાશે તો પણ તેના જીવનમાં કોઈ પ્રગતિ નહીં થાય, પણ જો તે વહેલા ઉઠવાની 'આદત' પાડે, તો તેને વર્ષના વધારાના ૧૫ દિવસ કામ કરવા માટે મળશે.એક ખેડૂત દર વર્ષે નવા વર્ષની રાહ જુએ છે કે આ વર્ષે મારો પાક સારો થશે અને મારું નસીબ બદલાશે. પણ જો તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ખેતરમાં એ જ જૂના બિયારણ વાવે, સમયસર પાણી ન આપે કે નીંદણ ન કરે, તો શું નવું વર્ષ તેને સારો પાક આપશે?ના. તેનું નસીબ કે પાક ત્યારે જ બદલાશે જ્યારે તે પોતાની 'ખેતી કરવાની આદત' બદલશે. જો તે આધુનિક પદ્ધતિ અપનાવશે, વધુ મહેનત કરવાની આદત પાડશે અને શિસ્તબદ્ધ થશે, તો કેલેન્ડર ગમે તે હોય, તેનું ભવિષ્ય ઉજ્જવળ જ હશે.આદતો કેમ ભવિષ્ય ઘડે છે?આપણી આદતો એ એક રોકાણ જેવી છે. જો તમે રોજ ૩૦ મિનિટ ચાલવાની આદત પાડશો, તો ભવિષ્યમાં તમારું શરીર નિરોગી રહેશે.જો તમે રોજ ૫ પાના વાંચશો, તો વર્ષના અંતે તમે ઘણા પુસ્તકોનું જ્ઞાન મેળવી ચૂક્યા હશો.નાની નાની બચત ભવિષ્યમાં આર્થિક સ્વતંત્રતા અપાવશે. ૨૦૨૬ માટે 'રી-સેટ' પ્લાન જો તમે ખરેખર તમારા ભવિષ્યને બદલવા માંગો છો, તો આ વર્ષે 'નસીબ' ના ભરોસે બેસવાને બદલે આટલું કરો નકારાત્મકતાનો ત્યાગ જૂની વાતો અને નિષ્ફળતાઓને ભૂલી જાઓ. દરરોજ કંઈક નવું શીખવાની આદત કેળવો. સોશિયલ મીડિયા પાછળ વેડફાતો સમય બચાવી તેને તમારા લક્ષ્ય પાછળ લગાવો. નવું વર્ષ ત્યારે જ 'નવું' ગણાશે જ્યારે તમે તમારી જૂની આદતો છોડીને એક નવા અને શ્રેષ્ઠ વ્યક્તિત્વ તરફ કદમ વધારશો. કેલેન્ડર તો દર ૩૬૫ દિવસે બદલાતું રહેશે, પણ જો તમે તમારી આદતો બદલી નાખી, તો તમારું ભવિષ્ય કાયમ માટે બદલાઈ જશે.'તમારું ભવિષ્ય તમારી આદતોમાં છુપાયેલું છે



### દિલ્હીના ૧૧ જિલ્લામાં એક સર્વે હાથ ધરાયો હતો, જેમાં બીમાર લોકો દ્વારા પોતાની જાતે દવા લેવાની આદતનો ચોંકાવનારો ખુલાસો થયો

# ડૉક્ટરની સલાહ વિના દવા લેતા હોવ તો ચેતજો...પીએમ મોદીની અપીલ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રવિવારે મન કી બાત કાર્યક્રમમાં એન્ટી-માઇક્રોબિયલ રેઝિસ્ટન્સના ઉપયોગને લઈ ચિંતા વ્યક્ત કરી છે

• નવી દિલ્હી,તા.૩૦

દેશના અનેક લોકો સામાન્ય બીમાર પડયા બાદ ડોક્ટર પાસે સારવાર કરાવવાને બદલે પોતાના નજીકના દવાના સ્ટોર પર જતા હોય છે અને તેઓ દુકાનદારને બીમારીની માહિતી આપી દવા લેતા હોય છે, જોકે આ આદત ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. દવા લેવાની આ પદ્ધતિને ધ્યાને લઈને વિજ્ઞાનીઓએ પણ ચેતવણી આપી છે કે, ભારત ધીમે ધીમે નવી મહામારી તરફ આગળ વધી રહ્યો છે. એટલું જ નહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રવિવારે મન કી બાત કાર્યક્રમમાં એન્ટી-માઈક્રોબિયલ રેઝિસ્ટન્સના ઉપયોગને લઈ ચિંતા વ્યક્ત કરી છે.

જ્યારે બેક્ટેરિયા, વાઈરસ, ફૂગ કે પરોપજીવીઓ સમય જતાં બદલાય છે અને તેમની સામે વપરાતી દવાઓ (જેમ કે એન્ટિબાયોટિક્સ) તેમના પર અસર કરવાનું બંધ કરી દે છે, ત્યારે તે સ્થિતિને એન્ટી-માઈક્રોબિયલ રેઝિસ્ટન્સ કહેવામાં આવે છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. જે બીમાર લોકો તાત્કાલિક બીમારી દૂર કરવા માટે ડોક્ટર પાસે જવાના બદલે દુકાનમાંથી એન્ટિબાયોટિક્સ જેવી દવાઓ ખરીદીને તુરંત સાજા થવા માંગે છે, તે ખૂબ જ ગંભીર બાબત છે. કારણ કે આવી રીતે જ એન્ટિબાયોટિક્સ લેવાના કારણે આજે ભારત એન્ટિબાયોટિક્સ રેઝિસ્ટન્સના સૌથી ખતરનાક સ્તરે પહોંચી ગયું છે.

વાસ્તવમાં દિલ્હીના ૧૧ જિલ્લામાં એક સર્વે હાથ ધરાયો હતો, જેમાં બીમાર લોકો દ્વારા પોતાની જાતે દવા લેવાની આદતનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ઘણીવાર એવું બને છે કે, જ્યારે વ્યક્તિગત ઉપચારથી કામ થતું નથી, ત્યારે આપણે સૌથી પહેલા આપણા નજીકના ફાર્મસીનો સંપર્ક કરીએ છીએ. જ્યારે આપણે બીમાર પડીએ છીએ, ત્યારે સૌપ્રથમ ડોક્ટર પાસે જવાના બદલે દવાની દુકાને પહોંચી જઈએ છીએ. આમાં પ્રિસ્ક્રિપ્શનની જરૂર હોતી નથી અને માત્ર બીમારી કહેવામાં આવે, તો દવા મળી જાય છે. આ દરમિયાન બીમાર વ્યક્તિના મનમાં માત્ર એવું હોય છે કે, તેણે જલ્દી સાજા થવું હોય છે અને તે વિચારતો પણ નથી કે, તેને થયેલી બીમારી વાઈરલ છે કે બેક્ટેરિયલ... તેઓ એ પણ જાણતા નથી કે, દુકાનદારે



આપેલી એન્ટિબાયોટિક્સ વાઈરસ દૂર કરશે કે નહીં. જોકે આવી ભૂલ માત્ર બીમાર વ્યક્તિને જ નહીં અન્ય લોકો માટે પણ ઘાતક સાબિત થઈ શકે છે.

આવી રીતે એન્ટિબાયોટિક્સ લીધા બાદ આપણે બે દિવસમાં સાજા થઈ જઈએ છીએ. આ દરમિયાન આપણે ડોક્ટરના બદલે દુકાનદાર પાસે જઈને દવા લેવાની બાબતને યોગ્ય માની લઈએ છીએ. એટલું જ નહીં પછી દવા પણ છોડી દઈએ છીએ, કોર્સ પણ પૂરો કરતા નથી. જોકે આપણે એ જાણતા જ નથી કે, અધૂરા કોર્સના કારણે બેક્ટેરિયા મરતા નથી, પરંતુ તે એન્ટિબાયોટિક્સ બેક્ટેરિયાને વધુ મજબૂત બનાવે છે, એટલે કે બેક્ટેરિયાની લડવાની શક્તિ વધારે છે. આવી એન્ટિબાયોટિક્સ બેક્ટેરિયાને દવાથી બચવાની રીત શિખવાડે છે. એન્ટિબાયોટિક્સ લઈને બીમારી દૂર કરનાર વ્યક્તિમાં જ્યારે ફરી બીમારી આવે ત્યારે નવા કીટાણુને તે એન્ટિબાયોટિક્સ મારવામાં સક્ષમ રહેતી નથી. તેથી જ તેને શક્તિશાળી કીટાણુ (સુપર બગ) કહેવામાં આવે છે. આમ આ રીતે દવા લેવાની આદત માત્ર પોતાના માટે જ નહીં, અન્ય લોકો માટે પણ ખતરો ઊભો કરે છે. બીમાર પડયા બાદ ડૉક્ટર પાસે જવું ખૂબ જ જરૂરી છે, કારણ કે ડૉક્ટર વ્યક્તિનું ચેક અપ કરીને તેને કેટલા ડોઝની કઈ દવાની જરૂર છે, તે પ્રિસ્ક્રિપ્શનમાં લખીને આપે છે. આ દરમિયાન ડોક્ટર દર્દીને કોર્સ પણ પૂરો કરવાની સલાહ આપતા હોય છે. જોકે આપણે તાત્કાલિક બીમારી દૂર કરવા માટે સ્ટ્રોંગ દવા લેવાની ઈચ્છા રાખીએ છીએ, તેથી આપણે દુકાનદાર પાસે પહોંચી જઈ છે. જ્યારે ડૉક્ટર કોર્સ મુજબ દવા આપતા હોય છે, ત્યારે તે બીમારીને ધીમે ધીમે દૂર કરવાની હોય છે, જો તાત્કાલિક હેવી ડોઝ આપીને બેક્ટેરિયા દૂર કરવામાં આવે તો બેક્ટેરિયા તે હેવી ડોઝ સામે લડવાની ક્ષમતા બનાવી લે છે, જેના કારણે પછીના સમયમાં હેવી ડોઝ પણ કામ આવતો નથી.સૌથી મહત્ત્વની વાત એ છે કે, સાધારણ બીમારી કે દુખાવો દૂર કરવા માટે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ ન કરાય, કારણ કે તે છેલ્લું હથિયાર છે. પરંતુ જો આપણે આ છેલ્લા હથિયારને પહેલેથી જ ઉપયોગ કરીશું તો બેક્ટેરિયા છેલ્લા હથિયાર સાથે લડવામાં સક્ષમ થઈ જશે. આ પાસાઓને જોતા વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે, જો એન્ટિબાયોટિક્સ દવાઓનો આવી રીતે ઉપયોગ થતો રહેશે તો ભવિષ્યમાં ઓપરેશન, ડિલિવરી, સામાન્ય ઈન્ફેક્શન સહિતની બીમારી દૂર કરવામાં મોટું જોખમ ઊભું થશે.જ્યારે આપણે વારંવાર અયોગ્ય રીતે દવાઓ (એન્ટિબાયોટિક્સ) લઈએ છીએ, તો બેક્ટેરિયા, વાઈરસ, ફૂગ કે પરોપજીવી કીટાણુઓ પોતાને એન્ટિબાયોટિક્સ સામે લડવા માટે વધુ સક્ષમ બનાવે છે.

### ફ્લાઇટ રદ કરવા અંગે નવી સરકારની સલાહ

## જો ફ્લાઈટ મોડી પડે તો ખોરાક અને રિફંડની ખાતરી આપવામાં આવે છે

• નવીદિલ્હી,તા.૩૦

ગાઢ ધુમ્મસ અને ઓછી દૃશ્યતાને કારણે સમગ્ર ઉત્તર ભારતમાં હવાઈ ટ્રાફિક ગંભીર રીતે પ્રભાવિત થયો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મંગળવારે તમામ એરલાઈન્સને મુસાફરો સલામતી નિયમોનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ખરાબ હવામાનને કારણે સર્જાયેલી આ પરિસ્થિતિમાં મુસાફરોની સલામતી અને સુવિધા સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ.

મંગળવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ધુમ્મસની વ્યાપક અસર પડી હતી. ઓછી દૃશ્યતાને કારણે કુલ ૧૧૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જ્યારે ૧૬ ડાયવર્ટ કરવામાં આવી હતી. વધુમાં, આશરે ૧૩૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી. એક અધિકારીના જણાવ્યા અનુસાર, રદ



કરાયેલી ફ્લાઈટ્સમાં ૬૦ ઈનકમિંગ અને ૫૮ આઉટગોઈંગ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી કે ફક્ત તે જ વિમાનો જે ઓછી દૃશ્યતામાં ઉડાન ભરવા માટે તકનીકી રીતે સક્ષમ નથી તેઓ વિક્ષેપો અનુભવી રહ્યા છે.નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસવા અને તેમની મુસાફરી માટે વધારાનો સમય આપવા વિનંતી કરી છે. મંત્રાલયે ફ્લાઈટ વિલંબના કિસ્સામાં મુસાફરોને ભોજન પૂરું પાડવા માટે એરલાઈન્સને કડક સૂચનાઓ જારી કરી છે. ફ્લાઈટ રદ થવાના કિસ્સામાં, તેઓએ વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા કરવી જોઈએ અથવા સંપૂર્ણ રિફંડ આપવું જોઈએ.

## ભારતીયોની વર્ક પરમિટ રદ કરવા બાંગ્લાદેશમાં સરકારને અલ્ટિમેટમ

• ઢાકા, તા.૩૦

બાંગ્લાદેશમાં ભારત વિરોધી ચળવણ સતત વધી રહી છે. ભારત વિરોધી વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીની હત્યા બાદ સ્થિતિ વધુ વણસી છે. હવે તેના સંગઠન ’ઈન્કિલાબ મંચ’ દ્વારા બાંગ્લાદેશ સરકારને ચાર મુદ્દાઓની માંગ સાથે ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે, જેમાં ભારતીયોના વર્ક પરમિટ રદ કરવાની મુખ્ય માંગ છે.ઢાકાના શાહબાગ ખાતેથી ઈન્કિલાબ મંચના સભ્ય સચિવ અબ્દુલ્લા અલ જાબરે જાહેરાત કરી હતી કે તેમના નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યામાં સામેલ તમામ આરોપીઓનો ટ્રાયલ ૨૪ દિવસમાં પૂર્ણ કરવામાં આવે. સંગઠને ફેસબુક પર સ્પષ્ટ કર્યું છે કે હત્યા કરનાર, માસ્ટરમાઈન્ડ, મદદગાર અને આશરો આપનાર તમામ સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ઢાકા મેટ્રોપોલિટન પોલીસના દાવા મુજબ, હાદીની હત્યાના બે મુખ્ય શંકાસ્પદો મેઘાલયને અડીને આવેલી મૈમનસિંહ જિલ્લાની સરહદ દ્વારા ભારત ભાગી ગયા છે.બીજી તરફ, ભારતે બાંગ્લાદેશમાં બે હિન્દુ પુરુષોની હત્યા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ‘બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ સતત વધી રહેલી દુશ્મનાવટ ચિંતાનો વિષય છે. અમે તાજેતરમાં થયેલી હિન્દુ યુવકની હત્યાની નિંદા કરીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ કે ગુનેગારોને સજા મળે.‘જોકે, બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે ભારતના આ ચિંતાઓને ફગાવી દીધી છે. બાંગ્લાદેશના નિવેદન મુજબ, કેટલીક છૂટીછવાઈ ગુનાહિત ઘટનાઓને વ્યવસ્થિત અત્યાચાર તરીકે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### ભાજપ-શિવસેના ગઠબંધન તૂટી ગયું

## મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી ૨૦૨૬: મહાયુતિમાં મોટા ભાગલા

• મુંબઈ,તા.૩૦

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ પહેલા, ભાજપ-શિવસેના (શિંદે જૂથ) ગઠબંધન ઘણા મોટા શહેરોમાં તૂટી ગયું છે, જેના કારણે રાજ્યના રાજકીય પરિદૃશ્યમાં નોંધપાત્ર ઉથલપાથલ થઈ રહી છે. વિવિધ શહેરોમાં નવા જોડાણો, એકતરફી ચૂંટણીઓ અને બદલાયેલા સમીકરણો ઉભરી રહ્યા છે. મુંબઈ સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે મતદાન ૧૫ જાન્યુઆરીએ થશે, અને ગણતરી બીજા દિવસે, ૧૬ જાન્યુઆરીએ થશે.આ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ભાજપ-શિવસેના ગઠબંધન તૂટી ગયું છેઃ મીરા-ભાયંદર, ધુળે, નવી મુંબઈ, પુણે, નાસિક, નાંદેડ, છત્રપતિ સંભાજીનગર, અમરાવતી, અકોલા, માલેગાંવ અને અહિલ્યાનગર. અહિલ્યાનગર - અહિલ્યાનગર મ્યુનિસિપલ



કોર્પોરેશનમાં પણ ભાજપ અને શિવસેના-શિંદે જૂથ વચ્ચેનું જોડાણ તૂટી ગયું છે. ભાજપ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજીત પવાર જૂથ) વચ્ચેનું જોડાણ હવે નિશ્ચિત માનવામાં આવે છે, જ્યારે શિવસેના એકલા ચૂંટણી લડશે. નાસિક - નાસિકમાં રાજકીય સમીકરણો સંપૂર્ણપણે અલગ છે. અહીં, અજિત પવાર જૂથ અને શિવસેના શિંદે જૂથ સાથે મળીને ચૂંટણી લડશે, જ્યારે ભારતીય જનતા પાર્ટી પોતાના દમ પર ચૂંટણી લડશે. નાસિક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કુલ ૧૨૨ કાઉન્સિલર બેઠકો છે.

## પશ્ચિમ બંગાળના બાંકુરામાં એક રેલી દરમિયાન, મમતા બેનર્જીએ ભાજપ પર તીખા નિશાન સાધ્યા

### આપણે બંગાળ જીતીશું અને લોકશાહી રીતે તેમને દેશમાંથી હાંકી કાઢીશું : મમતા બેનર્જી

• કોલકતા,તા.૩૦

પશ્ચિમ બંગાળના બાંકુરામાં એક રેલી દરમિયાન, મમતા બેનર્જીએ ભાજપ પર તીખા નિશાન સાધ્યા. તેમણે કહ્યું કે એસઆઈઆરના નામે સામાન્ય લોકો પર અત્યાચાર થઈ રહ્યો છે. તેઓ કહી રહ્યા છે કે બાંગ્લાદેશના ૧૫ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવશે. આ લોકો રાજકીય નિરાશામાં છે. છેલ્લી વાર તેઓએ કહ્યું હતું કે તેઓ ૨૦૦ ને પાર કરશે અને હવે તેઓ એસઆઈઆરની વાત કરી રહ્યા છે. એસઆઈઆરના નામે, તેઓ ઘૂસણખોરોને દૂર કરશે. આટલા સમય સુધી તેઓ શું કરી રહ્યા હતા મને બાંગ્લાદેશી પણ કહેવામાં



આવે છે. તેમણે ગાંધીજીના નામ પરનો કાર્યક્રમ બંધ કરી દીધો. અમે મહાત્મા ગાંધીના નામે ૧૦૦ દિવસનું કામ આપીશું.મમતા બેનર્જીએ કહ્યું, ‘એક દિવસ, જ્યારે હું એક ગામમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે એક બાળકે કાગળના નાના ટુકડા પર લખ્યું અને પૂછયું, ’શું અહીં શોપિંગ મોલ નહીં બને?’ તે પછી, મેં તેના વિશે વિચાર્યું અને દરેક જિલ્લામાં શોપિંગ મોલ બનાવવાનું નક્કી કર્યું. પરંતુ મેં કહ્યું કે શોપિંગ મોલ બે માળના હશે, સ્થાનિક લોકોની માલિકીના હશે. તેઓ કોઈ પૈસા ચૂકવશે નહીં, અને સ્થાનિક માલ ત્યાં વેચવામાં આવશે. તે પછી, તમે સિનેમા હોલ બનાવો; મને કોઈ વાંધો નથી.‘ભાજપ પર નિશાન સાધતા મમતાએ કહ્યું, ‘જ્યારે ચૂંટણી આવે છે, ત્યારે આ લોકો કહે છે કે તેઓ ’સોનાર બાંગ્લા’ બનાવશે. દરમિયાન, ઓડિશા, આસામ અને રાજસ્થાનમાં, તમે બંગાળી બોલવા બદલ લોકોને સતાવો છો.‘ તેમને બંગાળ વિશે કોઈ ખ્યાલ નથી. મુસ્લિમો મને બંગાળ કહે છે.

### SDRF ટીમની બચાવ કામગીરી, ગંભીર રીતે ઘાયલોને રામનગર ખસેડાયા

## ઉત્તરાખંડમાં મુસાફરોથી ભરેલી બસ ખીણમાં ખાબકી, 7 લોકોના મોત:11ની હાલત ગંભીર

• ઉત્તરાખંડ

ઉત્તરાખંડના અલ્મોડામાં આજે સવારે મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી હતી. જેમાં સાત લોકોના મોત થયા છે અને 11 અન્ય લોકોની હાલત ગંભીર છે. બસ રામનગર તરફ જઈ રહી હતી ત્યારે ભીખિયાસૈન-વિનાયક રોડ પર ડ્રાઈવરે અચાનક કાબુ ગુમાવ્યો હતો.

અકસ્માતમાં ઘણા મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની આશંકા છે. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ, વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. મુશ્કેલ પર્વતીય ભૂપ્રદેશને કારણે, બચાવ અને રાહત કામગીરીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ઘાયલોને ખીણમાંથી બહાર કાઢવા અને નજીકની હોસ્પિટલમાં લઈ જવાના પ્રયાસો હાલમાં ચાલુ છે. અધિકારીઓ અકસ્માતની વિગતો અને ઘાયલોની સંખ્યાની સત્તાવાર પુષ્ટિની રાહ જોઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ, ભીકિયાસૈન-વિનાયક-જલ્લી મોટરવે પર શિલાપની નજીક આ અકસ્માત થયો હતો. બસ ભીકિયાસૈનથી રામનગર જઈ રહી હતી અને દ્વારહાટથી નીકળી હતી. રસ્તામાં બસે કાબુ ગુમાવ્યો અને ઊંડી ખીણમાં પડી ગઈ. પ્રાથમિક માહિતી મુજબ આ અકસ્માતમાં 7 લોકોના મોત થયા છે. બસમાં કુલ 15થી વધુ મુસાફરો સવાર હતા. ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને ભીકિયાસેનની નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.અકસ્માત થયેલી બસ (UK 07PA4025) રામનગર સ્થિત કુમાઉ મોટર ઓનર્સ યુનિયન (KMOU) લિમિટેડની હતી.

## મનરેગા સુધારા બિલ વિરુદ્ધ ઠરાવ રજૂ કરવા બદલ શિવરાજ સિંહ ચૌહાણે માન સરકાર પર નિશાન સાધ્યું

### મનરેગા સુધારા બિલ અંગે પંજાબમાં રાજકારણ ગરમાયું છે

• ચંડીગઢ,તા.૩૦

મનરેગા સુધારા બિલ અંગે પંજાબમાં રાજકારણ ગરમાયું છે. મંગળવારે પંજાબ વિધાનસભાના ખાસ સત્રમાં આપ સરકારે વીબીજી રામજી કાયદા વિરુદ્ધ ઠરાવ રજૂ કર્યો, જેમાં કેન્દ્ર સરકાર પર મનરેગા કાયદાને નાબૂદ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. ગ્રામીણ વિકાસ અને પંચાયત મંત્રી તરણપ્રીત સિંહ સોંધે વિધાનસભાના એક દિવસીય સત્ર દરમિયાન ગૃહમાં ચર્ચા માટે ઠરાવ રજૂ કર્યો.

આપ ધારાસભ્યો સત્ર માટે મજૂરો દ્વારા ભરેલા ફોર્મ લઈને વિધાનસભા પહોંચ્યા. ફોર્મના બંડલ તેમના માથા પર લઈ ગયા હતા. વિધાનસભાની કાર્યવાહીનું પ્રદર્શન કરવા માટે વિવિધ પ્રદેશોના કામદારોને પણ વિધાનસભામાં બોલાવવામાં આવ્યા હતા. રાજ્યમાં મોટી સંખ્યામાં મજૂરોને બિલ વિરુદ્ધ ફોર્મ ભરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા.

પંજાબ વિધાનસભાના ખાસ સત્રમાં મનરેગા સુધારા બિલ વિરુદ્ધ ઠરાવ રજૂ કરવા બદલ કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે માન સરકાર પર નિશાન સાધ્યું છે. ચૌહાણે કહ્યું કે સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદા વિરુદ્ધ રાજ્ય વિધાનસભામાં ઠરાવ રજૂ કરવો એ સંઘીય માળખાની મૂળ ભાવના વિરુદ્ધ છે.

બંધારણ સંસદને કાયદા બનાવવાનો અધિકાર આપે છે, અને તેનું પાલન કરવાની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેની છે. ફક્ત વિરોધ કરવા ખાતર વિરોધ કરવો એ લોકશાહી કે બંધારણીય નથી.

ચૌહાણે કહ્યું, ‘કેટલાક લોકો જે કાલ્પનિક દુનિયામાં રહે છે તેનાથી હું આશ્ચર્યચકિત છું; તેમનો દેશની વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી. મંત્રીઓ અને કેબિનેટ મંત્રીઓ વિના કામ થઈ શકે છે એમ કહેવું ફક્ત મૂંઝવણ ફેલાવી રહ્યું છે; મનમાં જે આવે છે તે કહેવું જવાબદાર રાજકારણ નથી.‘

### ખાલિદા ઝિયાને લીવર, ડાયાબિટીસ તથા હૃદય રોગની બીમારી હતી અને છેલ્લા દિવસથી તેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા

# બાંગ્લાદેશના પ્રથમ મહિલા વડાપ્રધાન ખાલિદા ઝિયાનું ૮૦ વર્ષની વયે નિધન



• ઢાકા, તા.૩૦

બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન ખાલિદા ઝિયાનું આજે 80 વર્ષની વયે નિધન થયું છે. તેઓ ઘણા સમયથી બીમાર હતા અને હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. હાલમાં જ તેમના પુત્ર વર્ષો બાદ બાંગ્લાદેશ પરત ફર્યા હતા. બાંગ્લાદેશ નેશનલ પાર્ટીએ X પર પોસ્ટ કરી જણાવ્યું, કે આજે ફજરની નમાઝ બાદ સવારે 6 વાગ્યે ખાલિદા ઝિયાએ અંતિમ શ્વાસ લીધા. નોંધનીય છે કે ખાલિદા ઝિયાને લીવર, ડાયાબિટીસ તથા હૃદય રોગની બીમારી હતી અને છેલ્લા દિવસથી તેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. તેમના નિધન બાદ હવે BNPની કમાન તેમના પુત્ર તારિક રહેમાનના હાથમાં રહેશે. તેઓ અત્યાર સુધી કાર્યકારી પ્રમુખ તરીકે કામ કરી રહ્યા હતા. તેઓ જેલની સજાના ડરથી શેખ હસીના શાસનકાળ દરમિયાન બાંગ્લાદેશ છોડી જતાં હતા. જોકે હાલમાં જ તેઓ 17 વર્ષ બાદ બાંગ્લાદેશ પરત આવ્યા છે. બાંગ્લાદેશના રાજકારણમાં ત્રણ દાયકાથી બે બેગમ વચ્ચે લોહિયાળ યુદ્ધ ચાલી રહ્યું હતું. યુદ્ધના મુખ્ય પાત્રો હતા બે શક્તિશાળી મહિલા નેતા: શેખ હસીના વાજેદ (અવામી લીગ) અને બેગમ ખાલિદા ઝિયા (બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી-BNP). એક સમયે બંને સામૂહિક રીતે સરમુખત્યારશાહી સામે લડી હતી, પણ સત્તાની લાલચમાં બંને એકબીજાની દુશ્મન બની બેઠી. જોકે હવે શેખ હસીના ભારતમાં છે જ્યારે આજે ખાલિદા ઝિયાનું નિધન થયું છે. એવામાં હવે બાંગ્લાદેશમાં નવા જ પ્રકારનું રાજકારણ જોવા મળશે. 30 મે, 1981ના રોજ, પૂર્વ રાષ્ટ્રપતિ અને ખાલિદા ઝિયાના પતિ, જનરલ ઝિયાઉર રહેમાનની પણ ચિત્તગોંગમાં લશ્કરી બળવાખોરોએ હત્યા કરી દીધી. એ સમયે ખાલિદા ઝિયા ગૃહિણી હતા. પતિના અવસાન પછી તેમણે પતિએ સ્થાપેલી પાર્ટી BNPનું સુકાન સંભાળ્યું અને રાજકારણમાં પગ મૂક્યો. વર્ષ 1978માં જનરલ ઝિયાઉર રહેમાન દ્વારા બાંગ્લાદેશ સેનાના પ્રમુખ બનાવાયેલા હુસૈન મુહમ્મદ ઈર્શાદને ઝિયાઉર રહેમાનની હત્યા બાદ સત્તાલાલસા જાગી. તેમણે 1982માં સૈન્ય તખ્તાપલટ કરીને તત્કાલીન રાષ્ટ્રપતિ અબ્દુલ સત્તારની સરકાર ગબડાવી દીધી અને પોતે રાષ્ટ્રપતિ બનીને સંપૂર્ણ અધિકારો હાંસલ કરી લીધા. માર્શલ લૉ લાદીને તેમણે રાજકીય પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂક્યો, રાજકીય પક્ષો ભંગ કર્યા અને વિરોધી નેતાઓને જેલમાં ધકેલી દીધા. પોતાની સરમુખત્યારશાહી પર ઢાંકપિછોડો કરવા તેમણે 1983માં ‘જાતીય પક્ષ’ નામની પાર્ટીની સ્થાપના કરી. ઈર્શાદને સત્તા પરથી હટાવવા માટે શેખ હસીના વાજેદ અને ખાલિદા ઝિયા એક થયા. 1987માં શરુ થયેલા આ આંદોલનને વ્યાપક લોકસમર્થન મળ્યું. આખરે 4 ડિસેમ્બર 1990ના રોજ ઈર્શાદે રાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપવું પડયું. 1991માં ભ્રષ્ટાચારના આરોપ હેઠળ તેમની ધરપકડ થઈ.

# પોરબંદરનામાં બે કરોડ થી વધુના દેશી તેમજ ઈંગ્લીશ દારૂ ઉપર રોલર ફેરવી નાશ કરતી પોલીસ

## ૧૧૫૦૪ લીટર દેશી દારૂના મુદ્દામાલ ઉપર રોલર ફેરવી નાશ

• - વિરમભાઈ કે.આગઠ

પોરબંદર જિલ્લા પોરબંદર સિટી, પોરબંદર ગ્રામ્ય તેમજ એમ ત્રણ પોલીસ સ્ટેશન ડિવિઝન અલગ અલગ વિસ્તાર માંથી પોલીસ દ્વારા પકડાયેલ ભારતીય બનાવટના ઈંગલિશ દારૂ તેમજ દેશી દારૂ ના જથ્થાનો પોરબંદરના ઈન્દિરા નગર દરિયા કાંઠે પોરબંદર સિટી,ગ્રામ્ય તેમજ રાણાવાવ તેમજ તમામ મામલતદાર નશાબંધી અને આબકારી વિભાગના અધિકારીઓ તેમજ તમામ થાણા પોલીસના અધિકારીઓને ઉપસ્થિતિમાં રોલર ફેરવી નાશ કરવામાં આવેલ આજ રોજ તા.૩૦/૧૨/૨૫ ના પોરબંદર જિલ્લા ખાતે પોરબંદર જિલ્લા પોલીસના પોરબંદર ગ્રામીણ ડિવિઝન તથા સીટી અને રાણાવાવ ડિવિઝનના તમામ પોલીસ સ્ટેશન એમના તમામ દેશી દારૂના જે ગુનાઓ કરવામાં આવેલ છે એમાં જે દેશી દારૂનો મુદ્દામાલ કબજે કરવામાં આવે છે તથા વિદેશી દારૂના જે કેસ



નોંધવામાં આવેલ છે તેમાં લગત નામદાર કોર્ટનો હુકમ મેળવી આ તમામ દેશી અને વિદેશી દારૂના પ્રોહિબિશનના મુદ્દામાલની નાશ કાર્યવાહી ઈન્દિરા નગર દરિયા કાંઠે કરવામાં આજે આવી હતી. તેમાં દેશી દારૂનો જે ૮૨૪ જેટલા ગુન્હામાં પકડાયેલ ૧૧, ૫૦૪ લીટર દારૂ કિંમત રૂ.૨૩,લાખ ૭૬૦ ના નાશ કરવામાં આવેલ તથા વિદેશી દારૂ ના ૭૬ ગુન્હામાં પકડાયેલ ૨૮૩૩૭ બોટલ કુલ કિંમત ૧,૯૫,૨૮,૪૮૯ જેટલી થાય છે.

આમ ત્રણેય ડિવિઝનના દેશી/ વિદેશી દારૂના આંકડા જોઈએ તો કુલ ૯૦૦ જેટલા નોંધાયેલા ગુન્હામાં જેની કુલ કિંમત ૨ કરોડ ૧૮ લાખ ૨૯ હજાર ૨૪૯નો દેશી વિદેશી દારૂનો નાશ આજે ઈન્દ્રાનગર પોરબંદર ખાતે પોરબંદર જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલ છે દૈનિક ધોરણે પોલીસ દ્વારા દેશી દારૂ તથા વિદેશી દારૂનાઓના જે અડ્ડાઓ છે તેની ઉપર રેઈડ જેવી કાર્યવાહી ચાલતી હોય છે અને દૈનિક ધોરણે કેશ નોંધવામાં આવતા હોય છે કેસ કરવામાં આવતા હોય છે તેજ પ્રમાણે સ્પેશ્યલ ડ્રાઈ જિલ્લા પોલીસ અધિકારી તેમજ રેન્જ આઈજી તરફથી અવાર નવાર સ્પેશ્યલ ડ્રાઈ રાખી અને દારૂની બદીને દૂર કરવા પોલીસ દ્વારા સતત કામગીરી કરવામાં આવતી રહે છે. જેના અનુસંધાને પકડાયેલા દેશી તેમજ વિદેશી દારૂનો સમયાંતરે નાશ કરવાનો થતો હોય છે જે રૂટિન પ્રમાણે આજે કરોડ લાખોનો દારૂનો નાશ કરવામાં આવેલ છે

### આર્થિક રીતે નબળા લોકો માટે આશીર્વાદ અને ટેકનોલોજીમાં અગ્રેસર એવી કિડની ઇન્સ્ટિટ્યૂટે પબ્લિક હોસ્પિટલ્સમાં દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું

# અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટિટ્યૂટે નવો વિક્રમ સ્થાપિત કરતાં વર્ષ 2025માં 500 કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા

## એક જ વર્ષમાં ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરનાર દેશની એકમાત્ર પબ્લિક સેક્ટર હોસ્પિટલ

• અમદાવાદ

અમદાવાદ સિવિલ મેડિસીટી સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર (IKDRC-ITS) એ કિડની પ્રત્યારોપણના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત આ સંસ્થાએ માત્ર વર્ષ 2025માં જ 500 કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ ભવ્ય સફળતા સાથે ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસિઝિસ એન્ડ રિસર્ચ સેન્ટરે સમગ્ર દેશમાં પબ્લિક હોસ્પિટલની શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

કિડની ઈન્સ્ટિટ્યૂટની આ કામગીરી આજે અંગ પ્રત્યારોપણના દર્દીઓ માટે આશાનું નવું કિરણ બની છે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરની પ્રગતિ પર નજર કરીએ તો, નવેમ્બર 2024 સુધીમાં કુલ 400 અંગ પ્રત્યારોપણ કરવામાં આવ્યા હતા,જ્યારે વર્ષ 2025માં માત્ર 7 ઓક્ટોબર સુધીમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટનો આંકડો 400 સુધી પહોંચી ગયો હતો. મોટી સફળતા પ્રાપ્ત કરતા, વર્ષના અંત સુધીમાં આ સંખ્યા 500 પર પહોંચી છે, જે એક નોંધપાત્ર રેકોર્ડ છે. આ 500 ટ્રાન્સપ્લાન્ટમાં 367 પુરુષો અને 133 મહિલાઓનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ છે કે, આ સેવાનો લાભ માત્ર ગુજરાત પૂરતો મર્યાદિત નથી, તેમાં 330 દર્દીઓ ગુજરાતના અને 170 દર્દીઓ અન્ય રાજ્યોના છે. ટેકનોલોજી અને વિશેષ ટ્રાન્સપ્લાન્ટની દ્રષ્ટિએ પણ કિડની ઈન્સ્ટિટ્યૂટે નવી દિશા ચીંધી છે. વર્ષ 2025ના કુલ આંકડામાં 157 કેડેવર ટ્રાન્સપ્લાન્ટ, 90 સ્વેપ ટ્રાન્સપ્લાન્ટ, 49 બાળકોના પિડિયાટ્રિક (બાળકોના) ટ્રાન્સપ્લાન્ટ અને 43 રોબોટિક ટ્રાન્સપ્લાન્ટનો સમાવેશ થાય છે.

આધુનિક ટેકનિક અને કુશળ તબીબોના સમન્વયથી આ જટિલ ઓપરેશન્સ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા છે. આર્થિક રીતે નબળા દર્દીઓ માટે પણ આ ઈન્સ્ટિટ્યૂટ આશીર્વાદરૂપ સાબિત થઈ છે. કુલ ટ્રાન્સપ્લાન્ટમાંથી 318 જેટલા ઓપરેશન PM-JAY (આયુષ્માન ભારત) યોજના હેઠળ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ 29, SC વર્ગના 24, ST વર્ગના 7, તેમજ CAPFના 4 અને CGHS હેઠળ 5 ટ્રાન્સપ્લાન્ટ કરીને છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવી છે. IKDRCની આ સફળતા પાછળ તેની સતત ઉપલબ્ધતા અને સેવાની ભાવના રહેલી છે. કિડની ઈન્સ્ટિટ્યૂટ દિવાળી જેવા મોટા તહેવારો સહિત વર્ષના તમામ 365 દિવસ, 24 કલાક કાર્યરત રહે છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના સતત સહયોગ અને માર્ગદર્શન હેઠળ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર આજે ભારતની અગ્રણી પબ્લિક હોસ્પિટલ તરીકે ઉભરી આવી છે, જે માનવ સેવાના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે પ્રસ્થાપિત થઈ છે. ₹ શ્રદ્ધા ટીકેશ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ.

### વાગરા તાલુકાના વસ્તી ખંડાલીગામમાં આવેલ

# સરકાર હજરત સૈયદ ગેબન સહીદ રમતુલા અલહી દરગાહ સરીફ પર સદલ સરિફની સાદગી પૂર્વક ઉજવણી

**ઊજવણી** ગામના નવયુવાનો એ ભારે જહેમત ઉઠાવી હતી

• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરાના વસ્તી ખંડાલી ગામના કબ્રસ્તાનમાં આવેલ સરકાર હજરત સૈયદ ગેબન શહીદ રમતુલા બાવાની દરગાહનો સંદલ શરીફ તેમજ ઉર્સ ની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ઉર્સ નિમિત્તે દરગાહને રોશની થી શણગારવામાં આવી હતી. દરગાહ શરીફના મઝાર પર સંદલ ચઢાવી ફાતેહા ખવાની અને સલાતો સલામનો ઝિક્ર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન અમન અને સુકુન માટેની દુઆઓ ફરમાવવામાં આવી હતી. દર વર્ષે ઈસ્લામિક રજબ મહિનાના ૭ માં ચાંદે કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં ઉર્સ મનાવવામાં આવે છે. જેમાં તાલુકાના દરેક ધર્મના આગેવાનો અને રહીશો ઉજવણીમાં સામેલ થયા છે. આજે ઊર્સની ઉજવણી દરમિયાન સૈયદ લુકમાન અલી સૈયદ સાદીક બાપુ સૈયદ મુજપર બાપુ સૈયદ સલાઉદ્દીન સૈયદ મયુદ્દીન નાવો ના હસ્તે સંદલ પેસ કરવામાં આવ્યું હતું સંદલ પેસ કાર્યક્રમ બાદ ન્યાઝ નું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનો ના સંયુક્ત સહયોગ થી આમ નીયાઝ નું આયોજન કરાયું હતું. દરગાહ ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમ ને લઈને ગામના નવયુવાનો એ ભારે જહેમત ઉઠાવી હતી.



# ધારાસભ્યશ્રી વિજયભાઈ પટેલે ઘોઘલી શિવઘાટ ખાતે સિરીઝ વાઈસ વિયર કન્સ્ટ્રક્શન સંબંધિત ચાલી રહેલી પ્રક્રિયાની રૂબરૂ મુલાકાત લીધી

## તકનીકી મુદ્દાઓ તેમજ કામની ગુણવત્તા અને સમયમર્યાદા અંગે વિસ્તૃત ચર્ચા કરાઇ

• આહવા

જિલ્લાની પાણીની સમસ્યાના કાયમી નિવારણ માટે તાજેતરમા જ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ઘોઘલી (શિવઘાટ), ઘોઘલી-૨, ઘોઘલી-૩, ઘોઘલી-૪, અને ઘોઘલી-૫ વિયર અક્રોસ ટ્રિબ્યુટરી ઓફ ખાપરી રીવર નિયર વિલેજ નિલસાકીયાના કન્સ્ટ્રકશન માટે કુલ રૂ. ૭૩૯૫.૭૦ લાખની રકમ મંજુર કરવામા આવી છે. ઘોઘલી શિવઘાટ ખાતે સિરીઝ વાઈસ વિયર કન્સ્ટ્રકશન સંબંધિત ચાલી રહેલી પ્રક્રિયાના અનુસંધાને ગતરોજ ડાંગના ધારાસભ્ય તથા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે સ્થળ પર રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન સંબંધિત વિભાગોના અધિકારીઓએ પણ હાજર રહ્યા હતા. સ્થળ મુલાકાત દરમિયાન સિરીઝ વાઈસ વિયર કન્સ્ટ્રકશન માટે પસંદ કરાયેલ સ્થળની ભૂગોળીય પરિસ્થિતિ, હાલની પ્રગતિ, તકનીકી મુદ્દાઓ તેમજ કામની ગુણવત્તા



અને સમયમર્યાદા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વિસ્તારના પાણી સંચય, સિંચાઈ સુવિધા, ગ્રામ્ય વિકાસ તથા સ્થાનિક નાગરિકોને થનારા લાભો અંગે પણ મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે કામગીરીને વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને યોગ્ય સૂચનો આપ્યા હતા. તેમણે નિર્ધારિત સમયમર્યાદામાં કામ પૂર્ણ થાય તેમજ પારદર્શિતા અને ગુણવત્તા જળવાઈ રહે તે બાબતે ખાસ ભાર મૂક્યો હતો. ઉપરાંત, સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવે તેવી પણ ખાસ-સૂચના આપવામાં આવી હતી.

# ઝઘડિયામાં દારૂના જથ્થા પર બુલડોઝર ફર્યું: 6 પોલીસ સ્ટેશનનો 56.62 લાખનો વિદેશી દારૂ નાશ કરાયો

• ઝઘડિયા

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં વિવિધ પ્રોહિબિશન ગુનાઓ હેઠળ જપ્ત કરવામાં આવેલા વિદેશી દારૂના જથ્થાનો તંત્ર દ્વારા કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો છે. ઝઘડિયા જીઆઈડીસી ખાતે યોજાયેલી આ પ્રક્રિયામાં મદદનીશ પોલીસ અધિક્ષક અજયકુમાર મીણા અને ઝઘડિયા તાલુકાના એસ.ડી.એમ.ની પ્રત્યક્ષ હાજરીમાં વિદેશી દારૂની બોટલો પર રોડરોલર ફેરવીને તેને તોડી પાડવામાં આવી હતી. નાશ કરવામાં આવેલા આ દારૂના જથ્થાની કુલ કિંમત 56,62,063 આંકવામાં આવી છે.

આ કામગીરીમાં ઝઘડિયા, ઝઘડિયા જીઆઈડીસી, રાજપારડી, નેત્રંગ અને વાલિયા સહિત કુલ 6 પોલીસ સ્ટેશન વિસ્તારમાં



પકડાયેલા મુદ્દામાલનો નિકાલ કરવામાં આવ્યો હતો. પોલીસ અને વહીવટી તંત્રની સંયુક્ત દેખરેખ હેઠળ કુલ 27,723 બોટલ પ્રતિબંધિત વિદેશી દારૂનો સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભરૂચ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી કબ્જે કરાયેલા આ જથ્થાનો કાયદાકીય જોગવાઈઓ મુજબ નાશ કરીને સમગ્ર નિકાલની પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી છે.

# રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલના માતૃશ્રી દેવલોક પામ્યા; હંસોટ અને ગાંધીનગરમાં યોજાશે પ્રાર્થનાસભા

• ભરૂચ / હાંસોટ

ગુજરાત સરકારના રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલના પૂજ્ય માતૃશ્રી ગં. સ્વ. શાંતાબેન ઠાકોરભાઈ પટેલનું તા. ૨૭/૧૨/૨૦૨૫, શનિવારના રોજ દુ:ખદ અવસાન થયું છે. સદગતના આત્માની શાંતિ અર્થે પરિવાર દ્વારા બેસણું અને પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી પરિવાર અને સ્નેહીજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ દુ:ખદ પ્રસંગે ખુમાનસિંહ ઠાકોરભાઈ પટેલ, રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ તથા પૃથ્વીરાજસિંહ મહેન્દ્રસિંહ પટેલ સહિતના પરિવારજનોએ સદગતના દિવ્ય આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે.

સદગતનું બેસણું તા. ૦૨/૦૧/૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી મુ.પો. કુડાદરા, તા. હંસોટ, જી. ભરૂચ ખાતે રાખવામાં આવ્યું છે. ત્યારબાદ, સદગતના આત્માની શાંતિ માટેની પ્રાર્થનાસભા તા. ૦૬/૦૧/૨૦૨૬, મંગળવારના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦ કલાક સુધી બંગલા નં. ૦૬, મંત્રીશ્રી નિવાસસ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર ખાતે યોજાશે.

### એક આરોપી ઝડપાયો, ૧.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત

# જેતપુર સીટી પોલીસે ત્રણ મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ્યો

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર સિટી પોલીસે ત્રણ મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલી એક રીઢા તસ્કરને ઝડપી પાડયો છે. પોલીસે ચોરી થયેલા ત્રણ મોટરસાયકલ સહિત કુલ 1.40 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ગત તારીખ 23/10/2025 ના રોજ જેતપુરની હાજીદાઉદ હોસ્પિટલના પાર્કિંગમાંથી કાળા કલરનું સ્પ્લેન્ડર મોટરસાયકલ (કિંમત 40,000) ચોરાયું હતું. આ અંગે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 302(2) મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ હતી. પોલીસે ચિરાગભાઈ કમલેશભાઈ ડાભી (ઉંમર 19, રહે. મંત્રી સોસાયટી, જેતપુર) ને નવાગઢ રોડ પરથી ચોરીના સ્પ્લેન્ડર સાથે ઝડપી પાડયો હતો. આરોપીની કડક પૂછપરછમાં તેણે અન્ય બે ચોરીઓની કબૂલાત કરી હતી. જેમાં તા. 15/12/2025 ના રોજ પધારો હોટલ પાછળથી ચોરાયેલ એફ.ઝેડ. મોટરસાયકલ અને ત્રણ મહિના પહેલા તત્કાલ ચોકડી પાસેથી ચોરાયેલ સિલ્વર કલરનું સ્પ્લેન્ડર (જેના સ્પેર પાર્ટ્સ મળી આવ્યા છે) નો સમાવેશ થાય છે. પોલીસે કુલ 1,40,000 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ કામગીરીમાં જેતપુર સીટી પીઆઈ એ.ડી.પરમાર તથા એ.એસ.આઈ. ભાવેશભાઈ ચાવડા તથા મિલનસિંહ ડોડીયા તથા પો.હેડ કોન્સ. સાગરભાઈ મકવાણા તથા રાણાભાઈ વકાતર તથા પો.કોન્સ. શક્તિસિંહ ઝાલા, લાખભા રાઠોડ, અમીતભાઈ સિધ્ધપરા, ભગીરથસિંહ જાડેજા, પ્રદિપભાઈ આગરીયા જોડાયા હતા.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI